# ઈલ્મનો ખજાનો

( ભાગ પહેલો )

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનએ હિકમત–ઈદારાએ 'આરિફ'

# ઇલ્મનો ખજાનો

## ( ભાગ પહેલો )

: લેખક :

**અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ**

: અનુવાદક :

**અકબર હબીબ રાજન**

: પ્રકાશક :

**ખાનાએ હિકમત-ઇદારાએ 'આરિફ'**

૩-એ, નૂર વીલા, ગાર્ડન વેસ્ટ,

કરાચી (પાકિસ્તાન)

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# અનુક્રમણિકા


| | | પાના નંબર |
|---|---|---|
| ૧. | આરંભ | ૩ |
| ૨. | ખુદાના બુઝુર્ગ નામો | ૭ |
| ૩. | અલ્લાહતઆલાની રસ્સી | ૧૧ |
| ૪. | (તકવા) પરહેઝગારી | ૨૦ |
| ૫. | શ્રદ્ધાની ફિલ્સુફી | ૩૨ |
| ૬. | ઇસ્લામની મૂળભૂત હકીકતો | ૩૭ |


★

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science

### બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

# આરંભ

અલ્લાહતઆલા – સદા કાયમ અને સર્વશક્તિમાનનો બેહદ, બેહિસાબ ઉપકાર છે કે અમારા જેવા દુર્બળ અને કમજોર–અશક્ત બંદાથી પણ ક્યારે ક્યારે (જ્ઞાનને લગતી), ઇલ્મ માટેની એક નાનકડી સેવા કરાવી લેવામાં આવે છે. જગતના પરવરદિગારની આ મહાન ન્યામત અને તેના આ ઘણા મોટા ઉપકારના માટે જો અમો શુખર ગુઝારીના સીજદામાંથી છેવટના દમ સુધી પણ માથું ઊંચું ન કરીએ (સીજદામાં જ પડ્યા રહીએ) તો પણ એક રજકરણ જેટલો હક પણ અદા નહિ થઇ શકશે.

આ પુસ્તક જો કે ફક્ત પાચ વિષયો ઉપર લખાએલા નિબધોનો સમૂહ છે, પરતુ મારા માટે તો તેનો દરેક વિષય ખૂબ મોટી મહત્વતા અને ફાયદો ધરાવનાર છે, ઊંડા ચિંતન અને ઘણો અભ્યાસ ધરાવનાર છે, માટે જો એમ કહેવામાં આવે કે પ્રત્યેક નિબધ પોતે એક મોટા પુસ્તકના અર્થમા છે તો અસ્થાને નહિ હોય; અને બીજી રીતે તો પુસ્તકની કિંમત, તેના વખાણ, તેની કદર કરવાનો આધાર તો લોકો વાચનારા સભ્યોના અભિપ્રાય ઉપર હોય છે.

આ પુસ્તકના પહેલા ભાગમાં સર્વ પ્રથમ એ વાતચીત છે કે જેમાં કુરાનના પ્રકાશમાં–કુરાનના આધારે "અસ્માએ હુસના" એટલે કે ખુદા તઆલાના બુઝુર્ગ – (સુંદર – વખાણથી ભરપૂર) નામોની હકીકતો તથા તેની ઓળખાણનું વર્ણન કરવામાં આવ્યુ છે. આ વિષયમાં અકલ અને સમજદારી તથા નેકી અને માર્ગદર્શન (હીદાયત)થી કામ લેવાવાળા મોમીનના માટે હજારો પ્રશ્નોના જવાબો મેળવી આપેલા છે, કારણ કે જ્યારે એ માની લેવામાં આવ્યુ કે લોકો સમક્ષ અલ્લાહતઆલાનુ (ઈસ્મે આઝમ) મહાન નામ એક સપૂર્ણ જ્ઞાન ધરાવનાર માનવીના સ્વરૂપમાં હાજર અને મૌજૂદ છે તો તેના ઘણા તાર્કિક (તર્ક ઉપર આધાર રાખનારા) પરિણામો કાઢી શકાય છે અને તેનાથી ઘણી મુંઝવણોનો ઉકેલ આવી શકે છે.

બીજી વાતચીતનો વિષય છે "ખુદાની રસ્સી" જે પવિત્ર કુરાનનો એક તાવીલવાળો વિષય છે જેની ઘણી બધી હકીકતો એ હીકમતોની મદદ વડે કે જે અહી બતાવવામાં આવેલ છે, ખુલ્લી થઈને સામે આવી શકે છે (ત્યારે કે) જ્યારે ખુદાઇ મદદ માર્ગદર્શન અને દસ્તગીરી કરે.

ત્રીજુ પ્રકરણ "તક્વા" (પરહેઝગારી)નું છે અને તક્વાની મહત્ત્વતા એ છે કે તે સઘળી ઈસ્લામી ઈબાદતો અને ઈસ્લામી બાબતોનું મગજ છે અને સત્ય તો એ છે કે આરંભથી જ તક્વાની જરૂરત અને મહત્ત્વતા રહેલી છે એટલે કે સઘળા અંબિયાઓ અલૈહીમુસ્સલામની દાવતો અને

શરીયતોમાં તકવાનો હેતુ જ નજરની સામે રહેલો હતો તેથી આ વિષય ઉપર કલમનો ઉપયોગ કરવો અને તેને અહીં સ્થાન આપવું એક જરૂરી કાર્ય હતું.

ચોથો સવાદ છે "શ્રદ્ધાની ફીલ્સુફી" અને આ વિષયની જરૂરિયાત એ માટે છે કે દુનિયાના ઘણાખરા લોકો શ્રદ્ધાની મહત્ત્વતાને નથી સમજી રહ્યા, એ જ કારણે તેઓ દીન–ધર્મના વર્તુળથી નીકળીને બિનમઝહબ–(અધર્મ)ના વેરાન રણમાં ભટકી રહ્યા છે. તેઓ આજે પોતાની હૃદયની શાંતિ–સતોષ તથા આવનારી કાલ એટલે કે ભવિષ્ય માટેની આશા ખોઇ ચૂક્યા છે માટે આ મોટા અને દુનિયાભરના ભયને સામે રાખતાં શ્રદ્ધાની ફીલ્સુફી બાબતની કંઇક મૂળભૂત વાતો સમજી લેવી એ હકીકી દીનદારની એક ખાસ અને મહત્ત્વની ફરજ થઇ પડે છે.

પાંચમી બાબત છે "ઇસ્લામની મૂળભૂત હકીકતો" કે જેમાં ચાલીસ મહત્ત્વના મુદ્દાઓ વર્ણવવામા આવ્યા છે. મારા વિચારો મુજબ તેમાંનો પ્રત્યેક મુદ્દો વિદ્વાન અને અકલમદ લોકોના માટે ઘણા જવાબી અર્થો ધરાવે છે પણ શરત એ છે કે તે ઉપર જરા વધારે ગંભીરતાથી વિચાર કરવામાં આવે, કારણ કે અર્થ અને મતલબનું મગજ (આંતરિક ભેદ) ફક્ત એકાગ્રતા અને વિચાર કરવાથી જ પ્રાપ્ત થઇ શકે છે.

આ ટૂંકી પ્રસ્તાવના પછી મારે તે જ્ઞાન ચાહક અને જ્ઞાન ધરાવનારા લોકોનો તેમની ઘણી બધી મદદ માટે આભાર

માનવો જોઇએ કે જેઓ ઇસમાઇલી જગતના જુદા જુદા ઠેકાણે વસી રહ્યા છે. જેમની દુરંદેશ નજરોમાં જ્ઞાન–ઇલ્મની ઘણી જ મોટી કદર–કિમત રહેલી છે. જેઓ હમેશા જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાના ધર્મયુદ્ધમાં લાગ્યા રહ્યા છે–(જ્ઞાન ફેલાવવાની મહેનતમાં રચ્યા પચ્યા રહે છે). જેમની અકલ અને રૂહનો ખોરાક છે ઇલ્મ અને મારફત તથા ઝીકર અને ઇબાદત. જેમનો સૌથી મનગમતો શોખ છે મઝહબી પુસ્તકોનો અભ્યાસ; અને આ રીતે જ દરરોજ પોતાની મઝહબી જાણકારીના ખજાનામાં વધારો કરતા જાય છે, જેથી ખાત્રીપુર્વક તેમની રૂહાની પ્રગતિ થાય છે. તેમના મનમાં જો કોઇ શંકા–કુશંકાઓ હોય તો તે દૂર થાય છે (નાશ પામે છે) અને તેના પરિણામ રૂપે ખુદાવંદતઆલાની રહેમતો અને બરકતો રાત–દિવસ તેમના ઉપર ઊતરતી રહે છે.

ફક્ત નમ્ર બંદો,

**નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

શનિવાર, ૬ રમઝાન ૧૩૯૭–૨૧ ઓગષ્ટ ૧૯૭૭

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## નિબંધ–૧

# ખુદાના બુઝુર્ગ નામો

૧. "વ લિલ્લાહીલ અસ્માઉલ હુસના ફાદ અઉહુ બિહા" ૭/૧૮૦ અને અલ્લાહ તઆલાના સારા સારા (સુંદર સુંદર) નામો છે. તેને એજ (નામો)થી પોકારો (યાદ કરો).

૨. હઝરત ઈમામ જાફર સાદિક અલૈહીસ્સલામે ફરમાવ્યું કે "લિલ્લાહીલ અસ્માઉલ હુસ્ના" અમો છીએ, અને અમારી મારફત–અમારી ઓળખાણ વગર કોઈનું કોઈ કામ–કોઈ અમલ કબૂલ કરવામાં નહિ આવે.

૩. આથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહ તઆલાના નામો બે પ્રકારોમાં છે. અક્ષરમાં રહેલાં અથવા બોલી શકાય (વાચી શકાય) તેવા નામો અને નૂરાની નામો. ખુદાના નૂરાની નામો અથવા "અસ્માએ ઉઝઝમા" એટલે કે મહાન નામો પવિત્ર ઈમામો અલૈહીમુસ્સલામ જ છે, જેમના મારફત–જેમના વસીલાથી ખુદાને યાદ કરવાના માટે ફરમાવવામાં આવ્યુ છે.

૪. ખુદાનું એ મહાન નામ – એ ઈસ્મે આઝમ – જેની ઓળખાણ સમય અને જમાના મુજબ ખૂબ જ જરૂરી

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

અને ફરજીયાત છે, (તે) ઈમામે ઝમાન જ છે. ઉપર ઉલ્લેખવામાં આવેલ આયતના પ્રકાશમાં આ હકીકતને બરાબર ધ્યાનમાં રાખી લ્યો.

૫. ખુદાની હસ્તી અને તેના ગુણોમાં કોઇ દરજ્જાઓ-કોઇ ઊંચનીચ નથી, કેમકે તે તો દરેક રીતે એક જ છે, (ખુદા એક જ છે) પણ જ્યાં ખુદાના ગુણોને જાહેર કરવા અને સમજાવવાના માટે જુદા જુદા અર્થો અને જુદી જુદી વસ્તુઓથી કામ લેવામાં આવ્યુ છે, તેમાં તફાવત છે. વળી તેમાં સમય અને સ્થળની જરૂરત પણ નજર સમક્ષ રહે છે.

૬. આ પ્રમાણે બોલી કે વાંચી શકાતાં નામોના પ્રમાણમા ખુદાના નૂરાની નામ મહાન છે કે જે અંબિયા તથા ઈમામો અલૈહીસ્સલામ છે અને એ મુજબ ઈમામે ઝમાન હાલના વખતના ઈસ્મે આઝમ છે.

૭. આ ઉપરથી જણાય છે કે ખુદાનાં કંઈક નામો સામત એટલે કે ખામોશ (ચૂપ રહેનાર) છે અને કંઈક નામો નાતીક એટલે કે બોલવાવાળા છે અર્થાત હિદાયત દેવાવાળા અને નજાત (મુક્તિ) અપાવનારા છે.

૮. અલ્લાહતઆલાનું નામ તખત જીવંત છે, તેની કલમ જીવંત છે, કુરસી જીવંત છે, અને લોહ (જે ઉપર લખવામાં

આવે તે વસ્તુ) જીવંત છે. મતલબ કે જે વસ્તુ ખુદાની ખાસ વસ્તુ હોય તે જીવંત, બોલતી અને અક્કલવાળી હોય છે કારણ કે અલ્લાહતઆલાના માટે જે ઉપમાઓ આપવામાં આવે છે તે સઘળી ઉત્તમ-ઉચ્ચ જ હોય છે, તે એ રીતે કે જ્યારે કહેવામાં આવે "ખુદાનો હાથ" તો એ ઉપમા છે અને તેનું મહાન અથવા ઉત્તમ હોવું એ રીતે છે કે પયગમ્બર અને ઈમામ (અ.સ.)ને ખુદાનો હાથ ગણાવવામાં આવ્યો છે, એ જ રીતે ખુદાનો ચહેરો પણ એવી જ ઉપમા ધરાવે છે.

૯. હવે તમો ઉપર ઉલ્લેખાયેલ શબ્દો-વાતના પ્રકાશમાં બતાવો કે ખુદાતઆલાના મોટા નામોથી કોણ લોકો ફાયદો ઉપાડી શકે છે ? ઈસ્મે આઝમ શું દરેક લોકો તેના સુધી પહોચી શકે એટલું યોગ્ય-એટલું શક્તિશાળી થઇ શકે છે કે નહિ ?

૧૧. શુ એ વાત વ્યાજબી છે કે પયગમ્બર અને ઈમામ ખુદાના હકીકી નામો છે તેથી તેમના જ મારફત-તેમના જ વસીલાથી ખુદાને યાદ કરવો જોઇએ અને તેમના જ દ્વારા-તેમના જ મારફત ખુદાના તરફ રજૂ થવું જોઇએ ?

૧૨. એ બિલ્કુલ સાચું છે કે ખુદાનું ઈસ્મે આઝમ અને ખુદાનો ખલીફા બન્ને જુદી જુદી વસ્તુઓ નથી હોઇ શકતી. અગર જો એમ થયું હોત તો બન્નેના મરતબા અપૂર્ણ અને અધૂરા હોતે, જ્યારે કે (ખુદાના) મહાન નામોમાં અલ્લાહની

ખિલાફતના ગુણો નહિ હોત; અને જ્યારે કે ખુદાનો ખલીફા ઈસ્મે આઝમની જગ્યાએ ન હોત.

૧૩. એ કેટલું સાફ-સુથરૂ તર્ક છે કે જે પયગ્મબર તથા ઈમામે ઝમાન ખુદાનો ખલીફા અને પ્રતીનિધિ હોઇ શકે છે તે ઈસ્મે આઝમની જગ્યાએ પણ હોઇ શકે છે, કારણ કે જ્યાં ખુદાની પવિત્ર જાત-પાક હસ્તીની ખિલાફત અને તેનું પ્રતીનિધિત્વ શક્ય છે ત્યાં તેના નામોની જગ્યા લેવી એટલે કે જાનશીની તેથી પણ વધુ શક્ય છે.

૧૪. જ્યારથી હઝરત આદમ અલૈહીસ્સલામ અલ્લાહ (જે મહાન્, શાનો શૌકતવાળો છે)ની ખિલાફત તથા પ્રતિનિધિના શાનદાર ઓહ્દા ઉપર બેઠા ત્યારથી આ મહાન અને શાનદાર સંબંધ-આ દરજ્જો અંબિયાઓ તથા ઈમામો (અ.સ.)ના પવિત્ર ક્રમમાં (પરંપરાગત વારસામાં) ચાલતો આવ્યો છે અને ક્યારેય એમ નથી ફરમાવવામાં આવ્યું કે ખુદાતઆલાની ખિલાફત આસમાની પુસ્તકના હવાલે રહેશે અથવા બૈતુલ્લાહને પ્રાપ્ત હશે અથવા ફરિશ્તાઓમાંથી કોઇ ખુદાનો ખલીફો હશે. આ ઉપરથી જાણાય છે કે ખિલાફતનું કાર્ય, નબુવ્વતના ઓહ્દા તથા ઈમામતના મરતબાથી હરગીઝ અલગ નથી, અને એ મુજબ સંપૂર્ણ-સર્વગુણસંપન્ન માનવી જ (કે જે ક્યારેક પયગમ્બર અને ક્યારેક ઈમામના સ્વરૂપમાં હોય છે) ઈસ્મે આઝમ પણ છે.

★

## નિબંધ-૨

# અલ્લાહતઆલાની રસ્સી

ખુદાતઆલાએ કુરાનમાં જેટલી હિકમત ભરેલી ઉપમાઓનુ વાર્ણન કરેલું છે તેમાંથી એક ખૂબ જ સુંદર અને અતિશય સાર-અર્થ ભરેલી ઉપમા હબલિલ્લાહ એટલે કે ખુદાની રસ્સી છે અને આ ઉપમા જેના માટે આપેલી છે તે ચોક્કસપાણે અલ્લાહપાકનું હિદાયત કરનાર નૂર જ છે કે જે અઝલ એટલે કે શરૂઆતથી મોજૂદ છે (અનંત યુગથી રહેલું છે) અને અંબિયાઓ તથા ઈમામો અલૈહીમુસ્સલામની પવિત્ર પરંપરામાં એટલે કે એક પછી બીજામાં જાહેર થઈને દુનિયાવાળાઓનું માર્ગદર્શન તથા હિદાયત કરતું ચાલ્યું આવ્યું છે, માટે અમો અહી ખુદાતઆલા તરફથી મળેલ તૌફીક (નેક બુધ્ધિ) વડે આ નૂરાની રસ્સીના વિષે કંઈક સચ્ચાઈઓ તથા તેની મારફત એટલે કે ઓળખાણનુ વાર્ણન કરીએ છીએ.

એ જાણવું જોઈએ કે કુરાનની અંદર એવા પ્રકારની ઘણી આયાતો છે જેમાં ઈલાહી નજદીકી એટલે કે ખુદાની સમીપ જવા માટે વસીલો શોધવાના માટે અને અલ્લાહતઆલાને મજબૂતીથી પકડવાના માટે ફરમાન થયું છે અને એક એ આયત છે જેમાં ફરમાવવામાં આવ્યું છે કે :

Institute for Spiritual Wisdom and Luminous Science

"તમો સઘળા મળીને ખુદાની રસ્સીને મજબૂતીથી પકડી રાખો અને અલગ અલગ નહી થઇ જાઓ" ખુદાના આ ફરમાનથી અક્કલ રાખનારા અને સમજદારો ઉપર એ હકીક્ત સ્પષ્ટ થઇ જાય છે કે હબલિલ્લાહની આ મુબારક આયત એ સઘળી પવિત્ર આયાતોની ખુલાસા સહતિની રજૂઆત કરે છે જેમા ઇલાહી હિદાયતથી–ખુદાની હિદાયતથી સંબંધ રાખતા રહેવા, તેની (ખુદાની) તરફ નજદીક થઇ જવા અને તેને મજબૂતીથી પકડી રાખવાની તાકીદ ફરમાવવામાં આવી છે. કેમકે જો કોઇ વસીલા વગર ખુદા મળી જતો હોત અને મનુષ્યના હાથ તેના (ખુદાના) પાલવને સ્પર્શી શક્તે તો પછી એમ ફરમાવવામાં ન આવતે કે તમો ખુદાની રસ્સીને પકડો, અને સિરાતે મુસ્તકીમની હિદાયત તથા (તે હીદાયત કરનાર) હાદીની જરૂરત જ બાકી ન રહેત, અને આ રીતે અહી મતલબ સાફ પ્રકારે સ્પષ્ટ થઇ ગયો કે આ હિકમત ભરેલી આયત કે જે હબલિલ્લાહના સબધે છે, તે એક મહત્વની (ચાવી રૂપી) હેસિયત ધરાવે છે, માટે સમજદાર અને જ્ઞાન રાખનારા લોકોએ આ આયતની હિકમતો ઉપર ગંભીરપણે વિચાર કરવો જોઇએ.

**હિકમત–૧.** ખુદાતઆલાએ જે પ્રકારે હિદાયતના નૂરની પરંપરાની ઉપમા રસ્સી દ્વારા આપેલ છે, તેમાં તેનો હેતુ એ છે કે ખુદાઇ હિદાયતની આ પરંપરા અઝલથી (શરૂઆતથી) અબદ સુધી (છેવટ સુધી) અતૂટ અને કાયમ તથા મજબૂત છે, જેનો એક છેડો ખુદાના હાથમાં અને બીજો છેડો લોકોના દરમિયાન–લોકોની વચ્ચે છે અથવા એમ કહેવું જોઇએ કે ઇલાહી

હિદાયતની રસ્સી અઝલ અને અબદ (શરૂઆત અને અંત) તથા જન્નત તથા દોઝખ (ઉચ્ચ જગત અને નીચા જગત)ની વચ્ચે વર્તુળના સ્વરૂપમા રહેલી છે અને આ દુનિયામાં તેનું જાહેરી સ્વરૂપ હમેશા ઝમાનાના હાદી અલૈહીસ્સલામના વ્યક્તિત્વમાં રહેલુ હોય છે.

**હિકમત–૨.** આ જગત જે એક નીચું–નાનું જગત છે, તે ઉચ્ચ એટલે કે ઉપરના જગતના પ્રમાણમાં એક સાંકડા અને અંધારા કુવા જેવું છે; અને માનવી ખુદાઇ હિદાયતની રસ્સીથી સંબંધ રાખે–તેને વળગી રહે કે જેથી તેને રૂહાની તથા નૂરાની પ્રકારે ઉન્નત બનાવીને (ઊંચું બનાવીને) ફરિશ્તાના જગતના પ્રકાશિત વાતાવરણમાં પહોંચાડી દેવામાં આવે, કારણ કે દુન્યવી દાખલા તરીકે પણ રસ્સી અને રસ્સીની બનાવેલી સીડી થકી કામ લેવાનો એક એ સમય હોય છે કે જ્યારે કોઇ માણસ કોઇ કારણે કોઇ ઊંડા કુવામાં કે ઊંડા ખાડામાં પડીને ફસાઇ જાય છે.

**હિકમત–૩.** કુદરતના કાયદા મુજબ એ કામ શક્ય હતું કે અમુક લોકો ખુદાની રસ્સીને હાજર અને મૌજૂદ પામવા પછી પણ તેને ન પકડે. એમ પણ થઇ શક્તું હતું કે અમુક લોકો તેને ઢીલા હાથોથી પકડે અને એ વાતની પણ શક્યતા હતી કે અમુક લોકો શરૂઆતમાં તેને પકડી રાખે પછી એકાએક (અચાનક) તેને છોડીને જુદા જુદા થઇ જાય અને ખરેખર એમ જ થયું; અને અલ્લાહતઆલા એ બહુ જ સારી રીતે જાણતો

હતો એટલા માટે જ ફરમાવ્યુ કે "વ અઅતરેમુ" મજબૂત પણે પકડી રાખો (એટલે ઢીલાપણાથી નહિ) "હબલિલ્લાહ" એટલે કે ખુદાની રસ્સી (એટલે કે નૂરની હિદાયતના ક્રમ)ને "જમીઅ" બધા મળીને (એટલે કે અલગ અલગ નહિ) "વલા તફર્રકુ" અને ફીરકા ફીરકા ન થઇ જાઓ (એટલે કે જો તમો સઘળા મળીને હિદાયતના નૂરની રસ્સીને પકડી નહિ રાખો તો તમો ફીરકાબાજીમાં પડી જશો) ખુદાતઆલાના આ ફરમાનમાં હબલિલ્લાહથી વળગી રહેવાને માટે સંપૂર્ણ હિદાયત મોજૂદ છે.

**હિકમત-૪.** હબલિલ્લાહની આ મુબારક આયત પ્રમાણે ઈસ્લામ મઝહબમાં ફીરકાવાદ અને છૂટા પડી જવાને માટે ખૂબ જ સખતપણે ના પાડવામાં આવી હતી, જેનું તાકીદ (ચેતવણી)નું સ્વરૂપ જાણવાને માટે ખુદાના કલામના સંબંધ અને વાતાવરણને તપાસવામાં આવે કે આ ફરમાનથી અગાઉ અને તેના પછી ક્યા ક્યા કામોનો ઉલ્લેખ થયો છે.

મતલબ એ છે કે દીનનું ફીરકામાં વહેંચાઇ જવું અને છૂટા પડી જવું, એ જે પણ સ્થાન ઉપર હોય (જે પણ પ્રમાણમાં હોય) એટલે કે ઉમ્મતમાં હોય અથવા જમાતમાં કોઇ મઝહબી સંસ્થામાં હોય અથવા કોઇ મોમીનના વિચારોમાં જ્યાં પણ હોય ત્યાં એ એક મોટું નુકસાન છે, માટે આ એક મૂળભૂત હિદાયતમાં આવા કામ માટે મનાઇ કરવામાં આવી છે અને તેના સુધારા માટે તેની બદલીમાં ફરમાવવામાં આવ્યુ છે કે તમે હમેશા ખુદાની રસ્સીથી વળગી રહો.

**હિકમત–૫** ખુદાની હિદાયતની રસ્સીના માટે જે રીતે એ જરૂરી છે કે તે દરેક સમયમાં–દરેક જમાનામાં જાહેરે અને મૌજૂદ હોય તે જ રીતે એ પણ જરૂરી છે કે તે દરેક વ્યક્તિ સુધી પહોંચી શકે અને ચોક્કસપાણે તે હિદાયત અને હુકમ તથા ફરમાનના સ્વરૂપે દરેક વ્યક્તિ સુધી પહોંચી શકે છે કે જેથી એ હેસિયતમાં દરેક વ્યક્તિ–દરેક માણસની સામે ખુદાની રસ્સી મૌજૂદ હોય અને દરેક માનવીના માટે ખુદાના હુકમનું–ખુદાની આજ્ઞાનું પાલન શક્ય હોય.

**હિકમત–૬.** રસ્સીના અમુક ભાગો હોતા હોય છે અને ખુદાની રસ્સીનો એક ભાગ કુરઆનની રૂહ અને રૂહાનીયત છે જેને આપણે હકીક્ત, હિકમત અને તાવીલ જેવા નામોથી પણ યાદ કરી શકીએ છીએ અને બીજો ભાગ ઈમામનું નૂર છે, પણ કેમકે દુનિયાની રસ્સી એક ભૌતિક વસ્તુ હોય છે તેથી તેના ભાગો એકબીજાથી અલગ કરી શકાય છે અને દીનની રસ્સી રૂહાની અને નૂરાની પ્રકારની વસ્તુ હોય છે માટે તેના ભાગો એકબીજામાં એ રીતે મળેલાં છે કે તે એકબીજાથી અલગ નથી થઈ શક્તા.

**હિકમત–૭.** ખુદાનું ફરમાન છે કે "અને તમે કેવી રીતે ઈન્કાર કરનારા (ક્બૂલ ન કરનારા) બની શકશો જ્યારે કે તમને અલ્લાહની (આયતો) નિશાનીઓ તમારા ઉપર વાંચી જવામાં આવે છે (તમને વાંચી સંભળાવવામાં આવે છે) અને વળી તમારા વચ્ચે તેનો રસૂલ મૌજૂદ છે અને જે કોઈ

અલ્લાહતઆલાને મજબૂતીથી (દૃઢતાથી) વળગી રહ્યો તો ખરે જ તે સીધા માર્ગની (સન્માર્ગની) ઉપર લાગી ગયો (તેને સીધા માર્ગની સદ્‌બુદ્ધિ મળી ગઇ). ૩/૧૦૦

ખુદાના આ ફરમાનથી સ્પષ્ટ છે કે રસુલ (સ.અ.વ.)ના વખતમાં ખુદાને એટલે કે ખુદાની રસ્સીને મજબૂતપાણે પકડી રખાવવા અને સીધા માર્ગની હિદાયત દેવાનું સ્વરૂપ એ જ હતું કે મુસલમાનો તથા મોમીનોને હઝરત રસુલ (સ.અ.વ.) ખુદાના હુકમથી એક રંગી અને એક સંપીની પવિત્ર કેળવણી આપ્યા કરતા હતા, તેથી તેઓ પોતે જ પોતાના મુબારક ઓહ્વા-પોતાના કાળમાં ખુદાની રસ્સીનો દરજ્જો રાખતા હતા.

હિકમત-૮. રસુલ (સ.અ.વ.) પછી મૌલાના અલી (અ.સ.) અને તેવણ શ્રીના વંશ પરંપરામાં (ઔલાદમાં) બરહક-સાચા ઈમામોમાંથી દરેક ઈમામ પોતાના સમયમાં અલ્લાહતઆલાની પવિત્ર રસ્સીની હેસિયતથી છે અને અલ્લાહતઆલાની આ રસ્સી સદાકાળ દુનિયામાં હાજર અને મૌજૂદ રહેશે કે જેથી દીન અને ઈમાનવાળાઓના માટે એક સંપીનું સાધન અને નજાતનો વસીલો પ્રાપ્ત રહે.

હિકમત-૯. જ્યારે એ મહાન શાનવાળો અલ્લાહ આજ્ઞા આપે છે કે તમે સઘળા મળીને ખુદાઇ રસ્સીને મજબૂતીથી વળગી રહો (પકડી રાખો) અને જુદા જુદા (ફીરકામાં) વહેંચાઇ ન જાઓ તો આ બિલ્કુલ છેવટના અને જરૂરી ફરમાનના

સાંભળવા અને સમજ્વા પછી કલ્પના પણ નથી કરી શકાતી કે કુરાન, ઈસ્લામ, રસુલ (સ.અ.વ.) અને ઈમામ (અ.સ.) જુદા જુદા છે અને તેઓમાથી કોઇ એક અલ્લાહની રસ્સી છે અને બીજા નથી, જો કે આ (ખુદાઇ) ફરમાનનો અર્થ જ એમ છે કે ખુદાની વસ્તુઓ તો પહેલેથી જ (શરૂઆતથી જ) એક છે, માનવી એક થઇ જાય, કારણ કે આ મુબારક કામ એવું છે કે તેમાં દીન-મઝહબના દરજ્જાઓને એકબીજાથી નજીક માનવા અને મનુષ્યની ઈમાન-વિશ્વાસની શક્તિઓને એક કરવાની કેળવણી દેવામાં આવી છે કે જેથી દીની એક સંપી અને ભાઈચારો તથા એક કેન્દ્રને વળગી રહેવાની વૃત્તિ તથા સંબંધ-એકમત કાયમ થઇ શકે.

**હિકમત-૧૦.** હબલ્લિલાહ (ખુદાની રસ્સી)નો અર્થ જેમકે અગાઉ બતાવવામાં આવેલ છે તેમ હિદાયત (માર્ગદર્શન)ની પરંપરા જ છે, જે અંબિયા અને ઈમામો (અ.સ.)ના હિદાયત કરનાર નૂરની પરંપરા છે. એટલે કે ખુદા અને રસૂલ (સ.અ.વ.)નું નૂર જ (જેનું જાહેરી સ્વરૂપ ઈમામે ઝમાન છે) ખુદાની રસ્સી છે, જેની હિદાયત મુજબ અમલ કરવું એટલે તેનાથી સંબંધ બાંધવો એક અર્થ થાય છે.

**હિકમત-૧૧.** ઈમામે ઝમાન કે જે હકતઆલા (ખુદા)ની મજબૂત રસ્સી છે, એ જ બરહક એટલે કે સાચો હાદી પણ છે અને સિરાતે મુસ્તકીમ (સીધો રસ્તો) પણ છે, કેમકે આ સઘળી ઉપમાઓનું છેવટ (જેના ઉપરથી ઉપમા દેવામાં આવે

છે તે) અને તેનો અર્થ એક જ છે અને પૂરા કુરાનમાં આજ એક સચ્ચાઇના જુદા જુદા દાખલાઓ વર્ણવવામાં આવ્યા છે. "અને ખરેખર અમોએ કુરાનમાં સર્વે માણસો (ના સમજવા) માટે દરેક જાતના દાખલા વર્ણવ્યા છે...." ૧૭/૮૯

**હિકમત–૧૨.** ઇમામે ઝમાન સલ્વાતુલા અલૈહી ખુદાવંદ તઆલાની પવિત્ર રસ્સી છે. કેમકે તેવાણ નામદાર ખુદા અને રસૂલના સાચા ખલીફા, નાયબ તથા પ્રતિનિધિ છે, જેથી ઇમામની બૈયત, તાબેદારી અને મહોબ્બતથી સંબંધ બાંધવો જાણે કે ખુદાની રસ્સીથી સંબંધ બાંધવા જેવું છે.

**હિકમત–૧૩.** હક સુબ્હાન તઆલા (ખુદાવંદ)ની શાનની પહોંચ કરતાં અતિશય વધારે ઉચ્ચ અને વધીને છે, એ હકીક્ત છતાં ખુદાનું એમ ફરમાવવું કે તમો સઘળા મળીને ખુદાને મજબૂતીથી વળગી રહો (પકડો) અને તેના ખુલાસા તરીકે એ ફરમાવવું કે તમો ખુદાની રસ્સીને મજબૂતીથી વળગી રહો, એ ખુદાની એક એવી મહેરબાની છે કે જેની કોઇ ઉપમા નથી મળતી (જે અનુપમ છે) કારણ કે તેમાં ખુદાતઆલાની અતિ ઘણી નીકટતા અને નજદીકીના પ્રતિનિધિત્વની જાહેરાત કરવામાં આવી છે.

**હિકમત–૧૪.** જ્યારે કોઇ માનવી ખુદાના હુકમ મુજબ હબલિલ્લાહને મજબૂતીથી પકડી રાખશે, તો તેનો અર્થ એમ થશે કે તેણે ખુદાને પકડી રાખ્યો; અને ખરી રીતે તેને પોતાનો

માર્ગદર્શક, રાહબર અને વકીલ ગણ્યો, તો એવા માનવીને તે પછી કોઇ ફિકર નહિ રહેશે (તેના ઉપર એવી ચિંતા નહિ આવી શકશે) કે દીનના વિષે હું કઇ રીતે વિચારૂં, કઇ રીતે બોલું અને શું શું કરૂં, કારણ કે તેણે ખુદાને જે પકડ્યો છે તે પોતાના હાદી અને વકીલના અર્થમાં પકડ્યો છે અને એ સ્વરૂપે તે ખુદાની ઘણો જ નજદીક છે બલ્કે ખુદા તેની સાથે જ છે.

**હિકમત–૧૫.** દરેક પ્રકારના સંપ, એકમત અને દરેક રીતે એક થઇને રહેવું અને એક કેન્દ્રને વળગી રહેવું એ માટે કોઇ સાધન–કોઇ વસીલો અને કોઇ કેન્દ્ર હોય છે, નહિ તો એવું કોઇ પણ કાર્ય અશક્ય જ છે કે જેમાં જુદા જુદા સ્વભાવ અને વિચારના લોકો એક થઇ શકે, માટે દીની અને કોમની એક્તા અને એકસંપી માટે પણ એક કેન્દ્રં અને એક સાધન છે અને તે જ હબલિલ્લાહ છે કે જેને હાથમાંથી છોડી દેવાથી દીનદારો (મઝહબવાળાઓ)ની વચ્ચે જુદાપણું–ફીરકાઓ પેદા થઇ જાય છે. અલ્લાહતઆલા સર્વેને હક એટલે કે સાચી વાત સમજવા માટેની સદ્‌બુદ્ધિ અર્પણ કરે, આમીન.

**નોટ :** આ નિબંધના વિષે વધારે જાણકારીના માટે કુરાનનો આશરો લ્યો, ખાસ કરીને ૩/૧૦૧, ૩/૧૦૩, ૪/૧૪૬, ૪/૧૭૫ અને ૨૨/૭૮નો અભ્યાસ જરૂરી છે.

☆

## નિબંધ-૩

# (તકવા) પરહેઝગારી

પરહેઝગારી એ ઈસ્લામ મઝહબમાં સઘળી ઈબાદતો તથા સઘળા મામલાઓની રૂહ અને સાર અથવા જવેરાતની હેસિયત ધરાવે છે. એના વગર ન તો કોઈ વાત કોઈ વચન ખુદાની દરગાહમાં કબૂલ થઈ શકે છે અને ન તો કોઈ અમલ અથવા કામ (કબૂલ થઈ શકે છે). કારણ કે તે મહાન અને બરક્તવંતા અલ્લાહની પાસે એવી વાતો, એવાં વચન અને એવા અમલનું કોઈ મૂલ્ય જ નથી કે જેમાં પરહેઝગારીનો અંશ ન હોય.

તક્વાનો અર્થ પરહેઝગારી થાય છે, ખુદાથી ડરવું અને દરેક પ્રકારના ગુનાહોથી બચવું એ પરહેઝગારીનો અર્થ થાય છે માટે તક્વાનું ધોરણ સામાન્ય લોકોના માટે સામાન્ય પણ છે અને ખાસ લોકોના માટે ખાસ પણ છે. અથવા એમ કહેવું જોઈએ કે તક્વાના ઘણા તબક્કાઓ છે અને તે તબક્કાઓના છેવટમાં કમાલીયતનો તબક્કો છે કે જે ખાસ કરીને અંબિયાઓ અને ઈમામો અલૈહીમુસ્સલામનો છે.

તક્વાની શરૂઆતની મંઝિલો નિય્યતની મર્યાદામાં રહેલી છે, વચમાંની મંઝિલો વાણી-વચન સાથે સંબંધ રાખે છે; અને

છેવટની મંઝિલો આમાલ-કાર્યોના માર્ગ સાથે સબંધ રાખે છે. એનો અર્થ એ થયો કે તક્વાનું અસલ અને તેનું મૂળ દિલની સ્થિતિ અને નિય્યતથી આરંભ થઇ જાય છે અને ફિકર તથા વિચારોના જુદા જુદા તબક્કાઓ પસાર કર્યા પછી તક્વા, વાણીના તબક્કામાં દાખલ થઇ જાય છે અને તેથી આગળ વધીને આમાલ એટલે કે કાર્યના મેદાનમાં આવી જાય છે.

આ ઉપરથી સ્પષ્ટપણે જણાઇ આવે છે કે તક્વાનું મૂળ અને કેન્દ્ર માનવીના દિલમાં છે. જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "ઉલાઇકલ્લઝીના અમ્તહનલ્લાહુ કુલુબહુમ લી લતક્વા" ૪૯/૩ અર્થ : "તેઓ એ જ છે કે જેમના અંતઃકરણોની ખુદાએ પરહેઝગારીના સંબંધમાં કસોટી કરી લીધી છે." વળી આગળ ફરમાવેલ છે કે : "વ મંય્યઝ્ઝીમુ શુઆઇરલ્લાહા ફ ઇન્નહા મીન તક્વાઉલ કુલુબ" અર્થ : અને જે શખ્સે ખુદાની નિશાનીઓને માન આપ્યું તો નિઃસશય એ પણ દિલોની (અંતઃકરણની) પરહેઝગારી થકી જ પ્રાપ્ત થાય છે.

સરવરે આલમ હઝરત મુહમ્મદ રસૂલુલાહ (સ.અ.વ.)મે જે ફરમાન ફરમાવ્યું કે "કાર્ય (અમલ)નો આધાર નિય્યત ઉપર છે" એનો અર્થ પણ એ જ છે કે વ્યાજબી-સાચી નિય્યત વગર કોઇ કાર્ય વ્યાજબી (બરાબર-સાચું) નથી થઇ શકતું અને સાચી નિય્યત અંતઃકરણની-દિલની પરહેઝગારી વગર અશક્ય છે, માટે મોમીન બંદા ઉપર આ મૂળભૂત ફરજ આવી પડે છે કે તે પોતાની જાતને નેક નિય્યતવાળો રાખવાને

આદી બનાવે. જે ફક્ત અંતઃકરણની પરહેઝગારીના સ્વરૂપમાં જ થઇ શકે છે.

કુરાનમાં જે અંબિયાઓનો ઉલ્લેખ છે તેનાથી એ હકીકત સ્પષ્ટ થઇ જાય છે કે અંબિયાઓ (અ.સ.)એ જે મઝહબનો પ્રચાર કરેલ છે (જે દાવત કરેલ છે) તેની જાન તક્વા જ છે અને આ માનવંત અંબિયાઓની જુદી જુદી શરીયતોમાંથી કોઇ શરીયત એવી નથી જેમાં તક્વાને ખાસ મહત્ત્વતા ન દેવામાં આવી હોય, બલ્કે તેની (પરહેઝગારીની) જરૂરત તથા મહત્ત્વતાની એ સ્થિતિ છે કે પહેલા પયગમ્બર હઝરત આદમ (અ.સ.)ની જ શરીયતમાં એને પૂરેપૂરી રીતે સ્થાપિત કરતાં ફરમાવવામાં આવ્યું કે "કાલ ઇન્નમા યતકબ્બલુલ્લાહી મીનલ મુત્તકીન" ૫/૨૭ અર્થ : તેણે કહ્યું કે અલ્લાહ તઆલા ફક્ત પરહેઝગારોનો જ અમલ કબૂલ કરે છે.

તક્વાનો જે ખરો વિસ્તાર અને કિંમત તથા મોટાઇ છે, તેનો અંદાજ કુરાનમાં આપેલ આ હકીકતથી થઇ શકે છે, જેમાં ફરમાવેલું છે કે "અય લોકો નિઃસંશય અમોએ તમને એક પુરુષ અને સ્ત્રી (એટલે કે આદમ અને હવા)થી પેદા કર્યા અને તમને જુદી જુદી કોમો તથા અલગ અલગ કબીલાઓ (કુટુંબો) બનાવી દીધા કે જેથી તમે એકબીજાને ઓળખી શકો. બેશક અલ્લાહની પાસે તમારામાંથી વધારે માનવંત એ જ છે કે જે સૌથી વધારે પરહેઝગાર હોય, બેશક અલ્લાહ ખૂબ (મહાન) જાણનાર અને ખબરદાર (હોશિયાર) છે. ૪૯/૧૩

પવિત્ર કુરાનની આ આયાતના પ્રકાશમાં એક તરફ તો એ જાણાય છે કે તક્વા એક એવો ગુણ છે કે જે દીન, મઝહબ અને માણસાઇ (ઇન્સાનિયત)ના માટે (છોડી ન શકાય તેવું) જરૂરી છે, અને મનુષ્ય-ઇન્સાન-જાતિની દરેક વ્યક્તિને તક્વાના કોઇ ન કોઇ દરજ્જા ઉપર, કોઇ એક મંઝિલ ઉપર હોવું જ જોઇએ, કારણ કે મજકૂર મુબારક આયત હઝરત આદમના સમયથી લઈને ક્યામતના બનાવ સુધી મળનારી-(આવનારી) સઘળી માણસ જાતિની દુનિયાને સંબોધીને કહેવામાં આવી છે અને તેના અર્થ મુજબ કોઇ માનવી અથવા વ્યક્તિ તક્વા-પરહેઝગારીના આ સામનાથી (પરહેઝગારીના આ અમલના વર્તુળથી) બચવાનો નથી (ખાલી નથી રહેવાનો). બીજી તરફ આ હિકમત સભર આયતથી એ સ્પષ્ટ થાય છે કે તક્વા એક એવો ઇન્સાની ગુણ છે કે જે સર્વ લોકો-સામાન્ય જણના માટે અને ખાસ લોકોના માટે ખાસ હોવાને કારણે દરેક મનુષ્યમાં એક જેવો જ છે. આજ કારણ છે કે માનવીઓ માટે (ઇન્સાનો માટે) એકંદર (સામુહિક) રીતે માન મેળવવા તક્વાની શરત મૂકવામાં આવી છે. જે એ સત્ય વસ્તુથી વિરૂદ્ધ છે કે ખાસ માન (અલગ અને સૌથી વધુ ઇઝઝત)ની શરત હિકમત છે અને હિકમત એ સૌના માટેની એવી ભલાઇની વસ્તુ છે કે જેમાં ભલાઇ અને મસ્લેહતની એક દુનિયા સમાયેલી છે, જેમાં તક્વાનો પણ સમાવેશ છે.

તક્વાનો અર્થ જ્યાં ખુદાનો ડર છે ત્યાં એનો મતલબ એ પણ છે કે મોમીન બંદાના હૃદયમાં ઇલાહી સિદ્ધાંત (ખુદાના

કાનૂન)નો ડર હોવો જોઇએ, જે સંપૂર્ણ તાબેદારી અને ફરમાનબરદારીના સ્વરૂપે થઇ શકે છે; અને સ્પષ્ટ છે કે દરેક માનવી પોતાની માન્યતા મુજબ અથવા દૃષ્ટિકોણ પ્રમાણે કુદરતના કાયદાની કંઇને કંઇ (વધતી ઓછી) તાબેદારી કરે છે. આ એક સ્પષ્ટ સાબિતી છે કે ખુદાનો ડર સર્વ સામાન્ય (દરેક લોકોમાં) છે. જ્યાં તક્વાનો અર્થ પરહેઝગારી છે, તેનો પણ એ જ અર્થ છે કે જે વિચારો તથા ફિકર અને જે વાણી તથા વર્તન હરામ છે (અયોગ્ય છે) તેનાથી દૂર રહેવું જોઇએ અને ખુદાની નાફરમાનીઓથી પોતાની જાતને બચાવવામાં આવે. તક્વાનો આ જ અર્થ છે.

જો આપણે તક્વાના શાબ્દિક અર્થમાં જ મર્યાદિત રહીને કુરાનનો અભ્યાસ કરીએ તો આપણને તેના વિષે અઢીસોથી કંઇક વધારે આયતો મળશે, અને જો આપણે તક્વાના વિશાળ અર્થને નજર સમક્ષ રાખીએ તો જણાશે કે કોઇ પણ આયત આ વિષયથી ખાલી નથી, એ મુજબ તક્વાનું ફેલાયેલા રહેવું અને એકત્રિત હોવાની સાબિતી તરીકે એક દાખલો રજૂ કરવામાં આવે છે, કે અલ્લાહ તબારક વ તઆલાએ ફરમાવ્યું કે :

"યા અય્યુહલ્લઝીના આમનુ અકુવા અન્ફસકુમ વ અહલીકુમ નારન" ૬૬/૬ "ઓ ઇમાન લાવનારાઓ ! પોતાની જાતને તથા પોતાના કુટુંબીઓ બાલબચ્ચાને જહન્નમની આગથી બચાવો." સ્પષ્ટ છે કે "કૂવા" (બચાવો)ની આ આજ્ઞા સીધેસીધી

તકવા સંબંધે છે; અને એ પણ સ્પષ્ટ છે કે દોઝખથી બચવાનો એકમાત્ર રસ્તો ફક્ત ખુદાની તાબેદારી જ છે, જેમકે કુરાનમાં તેનો ઉલ્લેખ છે, પણ ખુદાની આ તાબેદારી એવી છે કે તેની અંદર ખુદા તથા રસૂલ તથા સાહેબે અમ્ર એટલે કે હુકમના ધણી તરફથી દેવામાં આવનારી સઘળી હિદાયતો ઉપર અમલ કરવો વાજબ થઇ જાય છે. આ ઉપરથી જણાય છે કે તકવા કુરાનના સાર રૂપી શબ્દોમાંથી છે અને તેના ભાવાર્થમાં દીનની સઘળી આજ્ઞાઓ સમાઇ જય છે.

સુરહ અઅરાફ (૭)ની ત્રીજી રૂકુઅના આરંભમાં ફરમાવેલું છે કે તકવા મોમીનની રૂહનો સૌથી ઉત્તમ પોશાક છે. જેનો અર્થ એ છે કે પરહેઝગારી એવો રૂહાની ગુણ છે કે જે રૂહના માટે પોશાકની ગરજ સારે છે. માટે એ વાત-(એ બિંદુ) હંમેશાને માટે યાદ રાખવાની છે કે જ્યારે કોઇ મનુષ્ય પોતાને સ્વપ્નામાં નાગો (નિર્વસ્ત્ર) અથવા ફાટેલા-જુના પુરાણા વસ્ત્રોમાં જોતો હોય તો તેને રૂહનો એ ઇશારો સમજી લેવો જોઇએ કે તે દીની પ્રકારે બદપરહેઝીનો શિકાર થઇ ગયો છે; અને જો તે પોતાને સ્વપ્નામાં અથવા વિચારોની દુનિયામાં નૂરાનીયતની સાથે ઉમદા પોશાક પહેરેલ પામે તો તેને મુબારકી હોજો કે તેની પરહેઝગારી ઉત્તમ પોશાકમાં સજી રહી છે.

પાક કુરાનની થોડીક આયતોમાં ફરમાવવામાં આવ્યું છે કે ખુદા મુત્તકીન એટલે કે પરહેઝગારોની સાથે મિત્રતા કરે છે,

એટલે કે હક્તઆલા પરહેઝગારોની સાથે પ્રેમ રાખે છે અને એ બાબતની ખાત્રી એ રીતે થઇ શકે છે કે જે માણસને પોતાના વિષે એવી ધારણા હોય કે તે પોતે ઘણો પરહેઝગાર છે તો તેણે પરહેઝગારીના તુરંતમાં મળતા મેવા અને પરિણામને કે જે આ દુનિયામાં ખુદાની દોસ્તી-ખુદાની મિત્રતાના સ્વરૂપમાં મળતા રહે છે, પોતાના બાતિનમાં નિહાળવા જોઇએ કે શું તેને ખુદાની મહોબ્બત પ્રાપ્ત થઇ રહી છે, અને એવી કોઇ અસર અથવા એવું કોઇ ખેંચાણ જોવામાં આવે છે કે જે દરેક વખતે અથવા ક્યારેક (અમુક વખતે) તેના હૃદયને ખુદાની તરફ મગ્ન કરતું હોય; કેમકે ખુદાની દોસ્તી અને મહોબ્બત, અસર અને ખેંચાણ વગરની એક શાંત અને વગર ચેતનાની (વગર ઉત્તેજના વાળી) નથી હોઇ શક્તી, પરંતુ તે તો એક જીવતી જાગતી હકીકત છે (સચ્ચાઇ છે) કે જે મનુષ્યને વધારેથી વધારે ખુદાની તાબેદારી અને ફરમાનબરદારીની લાગણી તથા હિંમત બક્ષે છે, જે રીતે કે અલ્લાહતઆલાની મહોબ્બત સંબંધે આયતમાં ફરમાન તથા તેની હિકમત છે.

કુરાનમાં એ પણ ફરમાવવામાં આવ્યું છે કે ખુદા પરહેઝગારો અર્થાત મુત્તકીનની સાથે છે, આ કલ્પનાનો હેતુ એ છે કે ખુદાના પરહેઝગાર બંદાઓમાં તેમની પરહેઝગારી (તક્વા)ના પરિણામ રૂપે વહેમ અથવા શંકાની આદત અને શૈતાનીયતના વસવસા નાશ પામે છે અને રહેમાનીયતનો ગુણ પ્રકાશમાન થવા લાગે છે અને જે હૃદયમાં ખુદાના ગુણો પ્રકાશમાન થાય તો તેના માટે સર્વ કાંઇ (દરેક વસ્તુ) હાજર છે અને ખુદાનું

કોઈના સાથે હોવું તેનો આજ અર્થ છે.

કુરાનમાં ઉલ્લેખ છે કે માફ કરી દેવું અને દરગુઝરથી કામ લેવું તથા અદલ અને ઈન્સાફ કરવું (ન્યાય કરવો) એ તકવા એટલે કે પરહેઝગારીથી ખૂબ જ નજદિક છે. આ ઉપરથી એમ જણાય છે કે પરહેઝગારી એ માફ કરી દેવાના અને ન્યાય કરવાના ગુણથી પણ ઉપર છે, જો કે માફી આપવી અને ન્યાયથી રહેવું એ માનવીના ખાસ ગુણોમાંથી છે.

કુરાનની સાતમી સુરહ "સુરહ અઅરાફ"ની આયત ૧૨૮ ("વલ આકબત અલ મુત્તકીન....") મુજબ એ જાણવું જરૂરી છે કે આકબતનો અર્થ છે કાર્યોનું પરિણામ; અને કાર્યોનાં પરિણામો ઓછામાં ઓછા ચાર છે. જેમાંથી બેનો સંબંધ માનવીઓની એકંદરે-(કુલ માનવીઓની) હેસિયતથી છે અને બેનો સંબંધ તેમની વ્યક્તિગત હેસિયતથી છે, તે એ પ્રમાણે કે એક રીતે સઘળા (મનુષ્યોના) દુનિયાવાળાઓના કાર્યોનું પરિણામ આખેરત છે; અને બીજી રીતે સઘળા જમાના વાળાઓ-(યુગો અથવા કાળ)ના કાર્યોનું પરિણામ આખરત છે. એ જ રીતે વ્યક્તિગત સ્વરૂપમાં એક પ્રકારે પ્રત્યેક મનુષ્યની જીંદગીનો છેવટનો ભાગ તેની આકબત છે અને બીજા પ્રકારે પ્રત્યેક અમલ, દરેક કાર્યનું તુરત મળતું પરિણામ એ આકબત છે. આ ઉપરથી એ હકીકત પૂરી રીતે પ્રકાશિત થઈને સામે આવી કે પરહેઝગારોના માટે આકબતની બક્ષિસ એ છે કે તેઓ

ન ફક્ત આખરત અને છેવટના જમાનામાં જ સલામતી–ખુશી–આનંદના માલિક હશે, પણ સાથે સાથે તેઓ પોતાની જીંદગીના છેવટના ભાગમાં પણ અને દરેક નેક કાર્યના પરિણામમાં પણ આનંદિત અને પુલકિત (ખુશ ખુશાલ) થશે.

કુરાનની ૪૩મી સુરહ "ઝુખરૂફ"ની ૬૭મી આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે ક્યામતના દિવસે મિત્રો એકબીજાના શત્રુ થશે પરંતુ પરહેઝગારોમાં એવું નહિ થશે. આની હકીકત એ છે કે એવી દરેક મિત્રતા કે જે દુનિયાવી ગરજ–દુનિયાના સ્વાર્થ માટે હોય છે એ તે દિવસે દુશ્મનીનું કારણ બની જશે, પરંતુ જે મિત્રતા ખુદા અને રસુલ (સ.અ.વ.) તથા સાચા ઔલિયા એટલે કે ઈમામ (અ.સ.)ના સંબંધમાં પરહેઝગારોએ કાયમ કરેલ છે તે કાયમ જ રહેશે અને જ્યારે કાયમ રહેશે તો સ્પષ્ટ છે કે તેનાથી ફાયદો થશે.

કુરાનની સુરહ નંબર (૨) "અલ બકરહ"ની આયત નંબર ૧૯૭માં અલ્લાહતઆલાનું એ ફરમાન છે કે "અને નેકીનું કોઇ પણ કાર્ય કરો તો ખુદા તેને બહુ જ સારી રીતે જાણે છે અને (રસ્તાના માટે) રસ્તાનું ભાથું સાથે લઇ લ્યો અને રસ્તાનું સૌથી ઉત્તમ ભાથું તો પરહેઝગારી છે." આ ઉપરથી જાણાય છે કે સામાન્ય રીતે દરેક નેક કાર્યથી અને ખાસ રીતે તકવા (પરહેઝગારી)થી રૂહાનીયતના રસ્તા અને આખરતની મંઝિલ માટેની પૂર્વ તૈયારી તથા જોઇતી વસ્તુઓ અને મુસાફરીનું

ભાથું સાથે લઇ લેવાય છે. માટે એ જાણવું જોઇએ કે જે મોમીનો રૂહાની પ્રગતિની ઇચ્છા રાખતા હોય છે અને સારાં પરિણામો મેળવે છે પરંતુ તેમ છતાં રૂહાની પ્રકારે આગળ નથી વધી શકતા, તો તેનું કારણ ચોક્કસપાણે એ જ છે કે તેમની પાસે રૂહાનીયતના રસ્તાનું ઉત્તમ ભાથું એટલે કે પરહેઝગારી મૌજૂદ નથી.

ઇસ્લામની સાત મૂળભૂત બાબતો (સાત અરકાન) એટલે કે વિલાયત, તહારત, સલાત, ઝકાત, સોમ, હજ અને જેહાદ (બીજા અર્થમાં એમ કહીએ ખુદાની 'નિકટતા' પવિત્રતા, દુઆ અથવા ઈબાદત, ઝકાત અથવા દશોંદ, સોમ અથવા ઉપવાસ, હજ અથવા ખુદાના ઘરમાં જઇને સીજદો કરવો અને જેહાદ એટલે ધર્મયુદ્ધ)માંથી કોઇ એક પણ બાબત પરહેઝગારી (તકવા)ના વગર પૂર્ણ નથી થતી, બલ્કે જો તે (સાતે બાબતો) સંબંધેની કુરાનની આયાતો તથા નબી સાહેબ (સ.અ.સ.)ની હદીસોમાં પણ જોવામાં આવે તો જણાશે કે આ સઘળાનો હેતુ ઉચ્ચ પરહેઝગારી (તકવા) જ છે અને તેમનું મૂળ પણ તકવા જ છે.

કેમકે ઇન્સાન એટલે કે મનુષ્ય ત્રણ વસ્તુઓની બનેલી એક વસ્તુનું નામ છે એટલે કે શરીર, રૂહ અને અક્કલ અથવા બુદ્ધિ; તે મુજબ ખુદાના ડર અને પરહેઝગારીના પણ ત્રણ દરજ્જાઓ છે જે શારીરિક પરહેઝગારી, રૂહાની પરહેઝગારી અને બુદ્ધિની પરહેઝગારી; અને સૌથી ઉચ્ચત્તમ દરજ્જો બુદ્ધિ

(અક્લ)ની પરહેઝગારીનો છે અને એ જ દરજ્જાને લગતું કુરાનનું આ ફરમાન છે કે "...ખુદાથી તેના બંદાઓ ડરે છે કે જેઓ (હકીકી) જ્ઞાની છે (ઇલ્મ ધરાવનાર છે)." ૩૫/૨૮. અહી સ્પષ્ટ છે કે છેલ્લા દરજ્જાની પરહેઝગારી હિકમત અને મારફત (ઓળખાણ) વગર અશક્ય છે.

એ જાણવું જોઈએ કે અક્કલ તથા સમજ અને જ્ઞાન તથા હિકમતના જ મારફતે ખુદાની ઓળખાણ મેળવી શકાય છે અને પરહેઝગારી તથા ખુદાનો ડર સમજમાં આવી શકે છે અને એ તફાવત પાડી શકાય છે કે અસંખ્ય માન્યતા અને દ્રષ્ટિકોણોમાંથી કોને કોને અપનાવવા જોઈએ અને કોનાથી પરહેઝ કરવી અર્થાત દૂર રહેવું જોઈએ કે જેથી અજ્ઞાનતા તથા નાદાની અને તર્કટી-બનાવટી તથા એકથી વધારે ખુદાની માન્યતાના ડાઘથી (લાંછનથી) દિલ અને મગજ (હૃદય અને વિચાર) પાક અને સાફ થઇ શકે. પવિત્ર કુરાને, સાચા જ્ઞાનને જે તક્વા અને ખુદાના ડરનો નમૂનો ગણાવેલ છે તેનું એ જ કારણ છે.

એ સિદ્ધાંત પણ કુરાનના શિક્ષણમાંનો જ છે કે સખ્તી અને મુશ્કેલીઓ વેઠવા પછી સહેલાઇ અને સગવડો પોતે જ સામે આવી જાય છે જે મુજબ તક્વાના ઘણા બધા દરજ્જાઓ પસાર કર્યો પછી રૂહાનીયતના સંબંધમાં એક એવી મંઝિલ પણ સામે આવે છે કે જ્યાં તક્વા એક જીવંત શબ્દ અર્થાત પોતે પોતે બોલનાર ઇસ્મે આઝમ બનીને હકીકી મોમીનોની રૂહાનીયતમાં એક વ્યક્તિગત પ્રકારની ક્રાંતિ એટલે કે પરિવર્તન લાવી દે છે,

જેને મારફતવાળાઓ અઝરાઈલી શક્તિ કહે છે અને જેના વિષે કુરાનમાં આ ફરમાન છે કે "ફ અન્ઝલ્લાહુ સકીનતહુ અલા રસુલીહી વ અલલ મુઅમીનીન વ અઝામહુમ કલીમત્તક્વા વ કાનુઆ અહક્કા બિહા વ અહલહા..." ૪૮/૨૬ અર્થ: ત્યારે અલ્લાહે પોતાના રસૂલ તથા મોમીનો (ના દિલ) ઉપર પોતાના તરફથી (રૂહાની) આશ્વાસન ઉતારી દીધું અને તેમને ડરીને ચાલવાના વચન પર કાયમ રાખ્યા અને તેઓ તેના વધારે હક્દાર અને તેને લાયક પણ હતા.

અહી અમોએ બરક્તવંતા અને બુઝુર્ગ–માનવંત–મહાન ખુદાની સહાયતા તથા નેક બુદ્ધિની બક્ષિસ વડે તક્વાના વિષયની અમુક મૂળભૂત અને જરૂરી વાતોને વર્ણવી છે. અલ્લાહતઆલા મોમીનીના માટે તેને ઉપયોગી લેખાવે ! આમીન યા રબ્બલ આલમીન ! !

★

## નિબંધ-૪

# શ્રદ્ધાની ફિલસુફી

**શબ્દની સમજૂતી :-**

શ્રદ્ધાનો શબ્દ જ્યાંથી નીકળ્યો છે તે મૂળ શબ્દનો અર્થ છે ગાંઠ. રસ્સીને ગાંઠ મારવી, એટલી સખત ગાંઠ કે જે છૂટે નહિ; અને શ્રદ્ધા પણ એ જ અર્થમાં અને એવી જ વાતો તથા રિવાયતોના માટે વપરાવવા લાગ્યો કે જેને સામાન્ય રીતે લોકો માને છે પણ યોગ્ય રીતે જાણતા નથી, અથવા એમ કહેવું જોઇએ કે કેળવણી તથા તપાસ અને હિકમત તથા મારફતથી પહેલાં જે શક્તિ અને લાયકાતની બાબત ઉપર દીની મામલાઓ અથવા મઝહબી કાર્યો સંબંધે ભરોસો કરી શકાય છે તેને શ્રદ્ધા કહેવાય છે.

**શ્રદ્ધા ઈમાન છે :-**

અહી એ ટોચની બાબત પણ યાદ રહે કે શ્રદ્ધા એ ઈમાનનું બીજું નામ છે, પરંતુ આ એ ઈમાન છે કે જે શરૂઆતના દરજ્જાનું અથવા પ્રારંભિક પ્રકારનું હોય છે જેને શબ્દકોષમાં ભરોસો કરવો કહે છે, જેમકે અલ્લાહતઆલાનું ફરમાન છે કે "ઓ ઈમાનવાળાઓ ! ખુદા અને તેના રસૂલ ઉપર (જેવું હોવું જોઇએ તે મુજબનું) ઈમાન લાવો. ૪/૧૩૬. અર્થાત કે

અય લોકો, જેમણે ફક્ત શ્રદ્ધાની હદમાં મર્યાદિત રહીને દીનના કાયદા અને સિદ્ધાંતને કબૂલ કરી લીધો છે, હવે હકીકતીઓ તથા મારફતીઓના પ્રકાશમાં ઈમાન લાવો અને સાચા અર્થમાં મોમીન થઇ જાઓ અને દીન-મઝહબ તથા અક્કલ અને બુદ્ધિની માપણી પણ તો એ જ છે કે પ્રથમ દરજ્જામાં ખુદા અને રસૂલ (સ.અ.સ.) તથા સાહેબે અમ્ર (ઈમામે ઝમાન)ની માનનીય અને પવિત્ર વાતો અને તેના સંબંધી રિવાયતોને લોકો મજબૂત શ્રદ્ધા ગણી લ્યે અને માની લ્યે અને ત્યાર પછી ધીમે ધીમે હકીકતો અને મારફત વડે કામ લેતાં લેતાં ઈમાનને કમાલીયતના દરજ્જા ઉપર પહોંચાડી દયે.

**દ્રઢ માન્યતા (મજબૂત વિશ્વાસ) :-**

લોકોની માન્યતાઓ એક જેવી નથી હોતી, બલ્કે તે જુદા જુદા દરજ્જાઓની હોય છે, લોકોની માન્યતાઓમાં એવી માન્યતા પણ છે કે જે બિલ્કુલ ન હોવાના બરાબર છે અને એક માન્યતા એ પણ છે કે જે ખૂબ જ છેવટના દરજ્જા સુધી દ્રઢ અને મજબૂત છે; અને જે માનવી દ્રઢ માન્યતા ધરાવે છે તે જ દીન-મઝહબના રસ્તામાં પ્રગતિ કરી શકે છે; અને માન્યતાની એટલે કે વિશ્વાસની મજબૂતી અને તેનો વિકાસ હકીકી પ્રેમ અને ફરમાનબરદારીમાં છે. આમ, તે લોકો ઘણા જ સદ્‌ભાગી છે કે જેઓ દીની પ્રેમથી ભરપૂર છે, ઈમામે બરહક્કના ફરમાનબરદાર છે અને મજબૂત વિશ્વાસ રાખનારા છે. આવા જ મનુષ્યો ચારિત્ર્યમાં, મઝહબમાં અને રૂહાની પ્રકારે સફળતા મેળવે છે; અને એ જ એ લોકો છે જે

આગળ જતાં પોતાની માન્યતાને સંપૂર્ણ ઈમાનનું સ્વરૂપ આપી શકે છે.

**માન્યતા એક સાધન છે :-**

જાણવું જોઈએ કે માન્યતા એ ઈમાનની અસલ અને તેનું મૂળ છે, જેના વગર સંપૂર્ણ ઈમાન અને મજબૂત શ્રદ્ધા ઉત્પન્ન નથી થઈ શકતાં. વિશ્વાસ અને માન્યતાઓ જ એવું સાધન છે જેનાથી મનુષ્ય પોતાને જ્ઞાન તથા હિકમત તથા પ્રગતિ અને માર્ગદર્શનના અસલ સ્થાન સુધી પહોંચાડી શકે છે. જે માનવીની માન્યતા-વિશ્વાસ ન હોય તે પોતે ન હોવાના બરાબર છે, કારણ કે કોઈ પણ માનવીના મઝહબી અસ્તિત્વની કલ્પના, ફક્ત તે જ વખતે વ્યાજબી હોય છે જ્યારે કે તે કોઈ માન્યતાને કબૂલ કરી લ્યે છે એટલે કે અંગિકાર કરે છે.

**માન્યતાઓનું મૂળ :-**

માન્યતાઓનું મૂળ ખુદા, રસૂલ (સ.અ.સ.) અને ઈમામો (અ.સ.)ના પવિત્ર ફરમાનો ઉપર કાયમ થાય છે અને એ વિષેની સમજાણ તથા ખુલાસા તરીકે રિવાયતો તથા રસમો પણ આવે છે કે જે માન્યતાઓના અસ્તિત્વ તથા હંમેશા ટકી રહેવાના માટે જરૂરી છે, કેમકે માન્યતાના અસ્તિત્વને માટે દીનની સામાન્યથી સામાન્ય (મામૂલીથી મામૂલી) વસ્તુઓ પણ ઘણી મહત્ત્વતા ધરાવતી હોય છે, જેની ઉપમા આપણે કોઈ ફળદાર વૃક્ષની નાજુક ડાળીઓ તથા ઝીણા ઝીણા

જોડાણોથી આપી શકીએ છીએ કે જે ડાળીઓ ઉપર મીઠાં મીઠાં ફળ પેદા થાય છે; અને એક સામાન્ય માનવીની દૃષ્ટિમાં તે નાની નાની અને તુચ્છ જેવી વસ્તુ દેખાય છે. એ જ પ્રમાણે વૃક્ષ જ્યાં જમીનમાંથી શક્તિ-ખોરાક ચૂસે છે ત્યાં વૃક્ષના મૂળીયાં એવા નાના નાના અને એવા અવ્યવસ્થિત રીતે ફેલાયેલા હોય છે કે કોઇ અજાણ્યો માણસ તેને તદ્દન નકામી વસ્તુ સમજી બેસે, જ્યારે કે વૃક્ષનું ફુલવું-ફાલવું અને લીલુંછમ રહેવું વિગેરેનો આધાર એ જ નાનકડાં મૂળીયાં તથા નરમ અને નાજૂક ડાળીઓ ઉપર હોય છે.

**માન્યતાઓનો આદર :-**

જે માણસ દીન-મઝહબના ક્ષેત્રમાં હોવા છતાં માન્યતાઓનો આદર નથી કરતો તે સચ્ચાઇઓ સુધી નથી પહોંચી શકતો; અને ન તો તે તેવી સચ્ચાઇઓનો આદર કરી શકે છે. આ વાત બિલ્કુલ એવી છે કે જેમ એક બાળક ઘરમાં જો માવિત્રોનું માન નથી જાળવતો તો તે આગળ જતાં શાળામાં શિક્ષકનો આદર પણ નથી કરતો, જેને કારણે તે પોતાના એ શિક્ષક મારફત મળનાર ફાયદાઓ એટલે કે શિક્ષણથી વંચિત રહી જાય છે. આથી એ જાણવું જોઇએ કે માન્યતાઓ તથા રસમોનાં જે પગથિયાં છે તે મોમીનના માટે માવિત્રોના (બાળકની) ઉછેર કરવા સમાન છે જ્યારે કે સચ્ચાઇઓ તથા મારફતના દરજ્જાઓ શિક્ષક તરફથી અપાતા શિક્ષણ જેવાં છે.

**માન્યતાઓના માટે જોખમ(ભય) :-**

માન્યતાઓના માટે સૌથી મોટો ભય બે-દીનીની કલ્પના છે. એ સિવાય કોઇ પણ વિરોધી દૃષ્ટિકોણ આપણી નવી નસલ (આવાનારા વંશ)ને ભટકાવી શકે છે. માટે વિશ્વાસને, માન્યતાને બે-દીન પ્રકારના લોકોની અસરથી તથા પરાયા લોકો-બીજા દીનવાળાઓના ધર્મ પ્રચારના પ્રયત્નોથી બચાવીને રાખવાનો પ્રબંધ કરવામાં આવે, નહિ તો વિશ્વાસ-માન્યતાની મહાન રૂહાની દોલતથી હાથ ધોવા પડશે.

☆

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## નિબંધ-૫

# ઈસ્લામની મૂળભૂત હકીકતો

૧. ઈસ્લામ અલ્લાહતઆલાનો દીન છે એ માટે જ સદાથી મૌજૂદ અને કાયમ છે" (૩૦/૪૩, ૩૦/૩૦, ૧૨/૪૦, ૯/૩૬,) અને એ દર અસલ ઝમાના પ્રમાણે (સમય મુજબ) રહેતો હોય છે અને એ જ કારણે તે કુદરતી મઝહબ કહેવાય છે કેમકે ખુદાતઆલાએ લોકોને પોતાની કુદરત એટલે કે પોતાના દીન અને બંધારણ મુજબ બનાવ્યો છે. (૩૦/૩૦) અને કુદરતી મઝહબનો અર્થ સમજવાને માટે કુદરતના ઉત્તમ નમૂના ઉપર ઊંડો વિચાર કરવામાં આવે તો એ નમૂનો મનુષ્ય છે કે કેવી રીતે એક નાનકડું બચ્ચું જન્મ લ્યે છે અને પોતાની જીંદગીમાં પ્રગતિના પગથિયાઓથી પસાર થતો જાય છે અને ધીરે ધીરે પ્રગતિની ટોચ ઉપર એટલે કે કમાલીયતના દરજ્જા ઉપર પહોંચી જાય છે. એ જ રીતે ઈસ્લામ પણ પોતાની ખરી હેસિયતમાં વાણી અને વર્તનના પગથિયાઓને ધીરે ધીરે પસાર કરે છે અને ઈસ્લામનું નૂર સંપૂર્ણ થઇ જાય છે (૨/૩૨). અને ઈસ્લામની આ મજબૂત-સર્વે વસ્તુ ઉપર પકડ ધરાવનારી પ્રગતિના પરિણામે નૂરના ટોચના દરજ્જા ઉપર પહોંચવાની નિશાની એ છે કે તે વખતે દીને હક (સાચો મઝહબ) એટલે કે ઈસ્લામ જગતના સઘળા દીન-મઝહબો ઉપર સરસાઇ મેળવી લેશે એટલે કે છવાઇ જશે. (૧૨/૩૩).

૨. એ વાત કુરાનની હકીકતોમાંથી છે કે ઈસ્લામના મહાન પ્રચારક મોટા દાઈ અને મજબૂત કેન્દ્ર, હઝરત મુહમ્મદ મુસ્તુફા (સ.અ.સ.) જ છે; અને આમ તો આ દીન ન ફક્ત હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના વખતથી ચાલ્યો આવે છે (૨૨/૭૮) બલ્કે આ દીન એક પ્રકારે હઝરત નૂહ (અ.સ..)ના વખતમાં શરૂ થયો (૪૨/૧૩) અને એક પ્રકારે એ હઝરત આદમ (અ.સ..)ના સમયથી છે. (૨૩/૫૧-૫૨).

૩. ઈસ્લામનું નૂર એક જ છે પણ તેનું જાહેર થવું અને તેના જલ્વા, સમય અને જમાના પ્રમાણે જુદા જુદા અને અલગ હોતા હોય છે, માટે હઝરત આદમ (અ.સ.), હઝરત નૂહ (અ.સ.), હઝરત ઈબ્રાહીમ (અ.સ.), હઝરત મૂસા (અ.સ.), હઝરત ઈસા (અ.સ.) અને હઝરત મુહમ્મદ પયગમ્બર (અ.સ..)ના વખતમાં ખરી રીતે એક જ ઈસ્લામ અને એક જ દીન હતો, પણ તે માનવંત લોકોના સમય અને સ્થળની સ્થિતિઓ તથા જરૂરિયાત જુદા જુદા હતા, જેથી તેમની શરીયત (મઝહબ પાછળની રીતો) અને હિદાયતો પણ જુદી જુદી હતી.

૪. અલ્લાહતઆલાનું ફરમાન છે કે કુરાન મજીદ પાછલી ઉમ્મતોના આસમાની પુસ્તકોમાં પણ મૌજૂદ હતું (૨૬/૧૯૬) એનો એવો અર્થ હરગીઝ નથી કે ભાષા અને જાહેરી વર્ણન પ્રમાણે કુરાનનો પૂર્વેના અંબિયાઓ એટલે કે પહેલાં થઈ ગયેલા પયગમ્બરોના ઈશ્વરી પ્રેરણાવાળા પુસ્તકોમાં ઉલ્લેખ હતો, બલ્કે

તે આસમાની પુસ્તકોની રૂહ, રૂહાનીયત, નૂર અને બાતિનના મગજ તરીકે તે મૌજૂદ હતું; અને એ જ રીતે ઈમામે ઝમાનના પવિત્ર ફરમાનમાં પણ પવિત્ર કુરાનની તાવીલવાળી તથા બાતિની હિદાયતો હોય છે.

૫. જે સાચો રસ્તો ખુદા સુધી જાય છે અથવા જે રસ્તા ઉપર ખુદા મળી જાય છે તે (રસ્તો) ફક્ત એક જ છે, જે ઈસ્લામ છે અને ઈસ્લામ જ "સિરાતે મુસ્તકીમ" છે, અર્થાત સીધો રસ્તો, આ રીતે "ઈહદીના સિરાતલ મુસ્તકીમ" (અમોને સીધા રસ્તાની હિદાયત કર)માં હકીકી એટલે કે સાચા ઈસ્લામના જ્ઞાન અને અમલ તથા તેના પરિણામે ખુદાની ઓળખ સુધી પહોંચવાની કેળવણી આપવામાં આવેલ છે અને તેમાં સૌથી પહેલે એક સાચા હાદીનો વસીલો દરકાર છે.

૬. એ જાણાયું છે કે ઈસ્લામના રસ્તાની છેવટની મંઝિલ ખુદા શનાસી એટલે કે ખુદાની ઓળખ છે અર્થાત મારફત છે; અને અસલમાં એ જ દરજ્જો, એ જ પગથિયું મુક્તિની મંઝિલ છે અને એ જ હકીકી બેહીશ્ત છે અને દરેક અંબિયાઓનો ધર્મ પ્રચાર એટલા માટે જ અર્પણ થયેલો હતો.

૭. જે રીતે અંબિયા (અ.સ.)ના ધર્મ પ્રચારનો હેતુ અને તેમનો દીન એક જ છે તે જ રીતે તેમનું પુસ્તક પણ એક જ છે, જો કે તેઓની શરીયત (ધર્મ ઉપર અમલ

કરવાની રીત) અને પુસ્તકો જાહેરમાં ઘણાંબધાં અને જુદાં જુદાં નજરે આવે છે.

૮. પવિત્ર કુરાન, કે જે જગતના પરવરદિગારનું છેલ્લું પુસ્તક છે તે સઘળી વસ્તુઓના વર્ણનનો સાર છે (૧૬/૮૯) તેમાં શરીયત, તરીકત, હકીકત અને મારફત સુધી પહોંચવાની કેળવણી અને સઘળી હિદાયતો લખેલી છે. તે તન્ઝીલ એટલે કે નાઝીલ થયેલ પણ છે અને તાવીલ પણ છે. તે જાહેર પણ છે અને બાતિન પણ. તે જ્ઞાન પણ છે અને હિકમત પણ. તે ફળ પણ છે અને ફળનો ગર્ભ (ફળની અંદરનો મેવો) પણ; અને તેને લીધે તેના જાહેર અને બાતિનમાં ન ફક્ત વીતી ગયેલા સમય એટલે કે ભૂતકાળ સંબધેની જ આજ્ઞાઓ રહેલી છે, પરંતુ તેમાં વર્તમાન તથા ભવિષ્ય કાળની હિદાયતોની પણ કોઈ ઓછપ નથી, પણ આ સઘળી વસ્તુઓને જોવા અને સમજવાને માટે નૂરની જરૂરત છે અને તે નૂર દુનિયામાં સદાય કુરાનની સાથે સાથે મૌજૂદ હોય છે. (૪/૧૭૪)

૯. કુરાન ચોક્કસપણે અલ્લાહની પવિત્ર હિદાયત છે, પરંતુ ફક્ત તેનું જાહેરી પાસું હિદાયત નથી, બલ્કે બાતિન પણ હિદાયત છે; અને એક હદીસ મુજબ, કુરાનનું બાતિન તેના જાહેરી પાસા કરતાં સાતગણું વધારે છે અને એક અન્ય રિવાયત મુજબ સીતેરગણું વધારે છે; અને કુરાને મજીદની હિદાયતની (આ રેલમછેલ) આ પુષ્કળતા એટલા માટે છે કે જેથી તે હિદાયતોના પ્રકાશમાં મુસલમાનો તથા મોમીનો દીની

(મઝહબી) તથા દુન્યવી પ્રકારે આગળ વધે અને પ્રગતિ કરે અને એ સઘળી વાતો ત્યારે શક્ય છે કે જ્યારે તે કુરાનને તેના નૂરના પ્રકાશમાં વાંચે, સમજે અને તે ઉપર અમલ કરે.

૧૦. ઉમ્મતના માટે કોઇ પણ આસમાની પુસ્તક પયગમ્બર તથા તેના વારસ-(તેના જાનશીન) વગર ફાયદામંદ નથી થઇ શકતું; અને ન તો ક્યારેય કોઇ પણ પ્રકારે આસમાની પુસ્તક એકલું રહ્યું છે. તે આરંભમાં ખુદાની કલમમાં અસ્તિત્વ ધરાવતું હતું, પછી લોહે મહેફુઝના રૂહાની લખાણમાં આવી ગયું, પછી જીબ્રાઇલની રૂહાની યાદશક્તિથી કામ લેવામાં આવ્યું, તેના પછી (હુઝુરે અનવર) પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના મુબારક દિલ ઉપર ઉતારવામાં આવ્યું; અને છેવટમાં પયગમ્બરે બરહક (સ.અ.સ.)ના હકીકી વારસદારને પુસ્તકના શીખવનાર એટલે કે શિક્ષક ઠેરવવામાં આવ્યા અને કુરાન તેમને જ સોંપવામાં આવ્યું. આ ઉપરથી એ સત્ય વાત સ્પષ્ટ થઇ કે કુરાન ક્યારેય પણ એકલું નથી રહ્યું, ન તો હમણાં એકલું છે અને ન ક્યારેય એકલું રહેશે.

૧૧. જો કુરાનને સમજવું કે જાણી લેવું કોઇ સરળ વાત હોત અને રાસીખુન ફીલ ઇલ્મ એટલે કે ઇલ્મ-જ્ઞાનને જાણનારાઓ (ઇમામે ઝમાન) સામે રજૂ થવાની જરૂરત સામે ન આવી હોત તો આ વસ્તુ સર્વ પ્રથમ એ મુસલમાનોને પ્રાપ્ત થઇ હોત કે જેઓ ખુદાના રસૂલ (સ.અ.સ.)ના વખતમાં

અરબમાં હતા, તેઓ ન ફક્ત ભાષા અને તેના શબ્દકોષ પ્રમાણે કુરાનના ઘણા જ નજીક હતા, બલ્કે જાહેરમાં જે માંગણીના આધારે કુરાન ઉતર્યું હતું તે પણ એ જ લોકોની પરિસ્થિતિની માગણી હતી, જેમકે તેઓની સામે પડેલા કોયડાઓનો ઉકેલ, તેમની જરૂરી હિદાયત વિગેરે. પરંતુ તેમ છતાં હઝરત પયગમ્બર (સ.અ.સ.)ને ફરમાવવામાં આવ્યું કે :

"અને અમોએ કુરાન તમારા ઉપર ઉતાર્યું છે કે જેથી તમો જ લોકોને બતાવો જે કંઇ તેમના માટે ઉતારેલું છે." (૧૬/૪૪) આમ સઘળા બ્રહ્માંડના સરદાર એટલે કે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના પછી પણ હંમેશના માટે પુસ્તકના શીખવનારનું હાજર હોવું જરૂરી છે અને તે, વખતનો ધણી હાજર ઇમામ જ છે.

૧૨. ઇસ્લામ મઝહબમાં જે રીતે કોઇ હક કે દાવાની સચ્ચાઇની સાબિતીના માટે બે ન્યાયી સાક્ષીઓ દરકાર હોય છે, એ જ રીતે આપ નામદાર (સ.અ.સ.)ની નબુવ્વતની સચ્ચાઇની સાબિતીમાં બે ખૂબ જ મહાન મોઅજીઝાઓ આ જાહેરી જગતમાં સદાય મૌજૂદ છે. એક પવિત્ર કુરાન છે અને બીજુ તેનો શીખવનાર કે જે ખુદા અને રસૂલ (સ.અ.સ.)ના તરફથી નિયુક્ત કરેલ છે એટલે કે વખતનો ઇમામ, આ જ બે ખૂબ મહાન વસ્તુઓ ન ફક્ત નબુવ્વતની સાબિતી તરીકેના મહાન અને અનંત ચમત્કારો છે, બલ્કે સાથે સાથે જ એ સચ્ચાઇની સાબિતીના બે ન્યાયી સાક્ષીઓ પણ છે.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

૧૩. અલ્લાહતઆલાની તૌહીદ એટલે કે અલ્લાહ એક છે તથા હઝરત મોહમ્મદ (સ.અ.સ.)ની રીસાલતની સાક્ષી તરીકેની મૂળ કલમા પણ બે જ છે (લા ઈલાહા ઈલ્લલ્લાહ, મુહમ્મદુર્રસુલુલ્લાહ) કે જેને સાક્ષીઓ કહેવામાં આવે છે. તે એટલા માટે કે તે કોઇ દાવાની સચ્ચાઈનો આધાર જેમકે ઉપર જણાવેલું છે તેમ બે સાક્ષીઓ ઉપર હોય છે, માટે ખુદાના કાનૂનની તરફથી સદાના માટે હઝરત નબી મુહમ્મદ (સ.અ.સ.)ની નબુવ્વતની સાબિતી તરીકે બે ન્યાયી સાક્ષીઓ મૌજૂદ છે કે જે છે પવિત્ર કુરાન અને ઈમામે ઝમાન.

૧૪. આ એક સત્ય બાબત છે કે માનવંત અંબિયાઓ (અ.સ.)ના મોઅજીઝાઓ થયા કરતા હતા અને સૌથી વધુ ફાયદો આપનાર મોઅજીઝો એ છે કે જે અક્કલ વિષે, જ્ઞાન સંબંધે તથા સદાય રહેનાર, એવા પ્રકારનો હોય, અને ફક્ત એવો જ મોઅજીઝો સર્વત્ર અસર કરનાર અને ટકી રહેનાર તથા લાંબી અસરવાળો હોય છે, માટે એવા બે બરકતવંતા મોઅજીઝાઓ રસૂલે મુસ્તફા (સ.અ.વ.)ના થકી જ્યાં સુધી આ જગત છે ત્યાં સુધી ચાલતા જ રહેવાના છે; અને તે છે કુરાન અને ઈમામ.

૧૫. જ્યારે એ માની લેવામાં આવ્યું કે કુરાન, હઝરત નબી મુહમ્મદ (સ.અ.સ.)નો પહેલો ચમત્કાર એટલે કે મોઅજીઝો છે અને કુરાન જેવું અનુપમ અને હિકમતથી ભરપૂર પુસ્તક રજૂ કરવા માટે જીન અને ઈન્સાન અશક્ત છે, વળી બરહક ઈમામ

આપ નામદાર (સ.અ.સ.)નો બીજો ચમત્કાર અને જીન્નાત તથા ઈન્સાનમાંની કોઇ પણ વ્યક્તિ, સિવાય ઈમામના કુરાનની તાવીલમય હિકમતનું વર્ણન નથી કરી શકતી, કારણ કે કુરાનના બાતિની અર્થો હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના પછી ફક્ત ઈમામે ઝમાનના જ પાસે છે, પછી ઈમામના વ્યક્તિગત ચમત્કાર માટે તો સવાલ જ ઊભો નથી થતો, જ્યારે કે વખતનો ઈમામ પોતે જ રસુલુલ્લાહ (સ.અ.સ.)નો મોઅજીઝો છે.

૧૬. આ ઉપરાંત લોકોના માટે ઈમામના ચમત્કારો તથા કરામતો જરૂરી પણ નથી, જ્યારે કે એ સત્ય બાબત છે કે તે પોતે કુરાનની સાથે સાથે પયગમ્બર (સ.અ.સ.)નો જીવંત ચમત્કાર છે, કારણ કે કુરાનના વિષે કોઇ મુસલમાન એ નથી કહેતો કે કુરાન કોઈ ચમત્કાર બતાવે કે જેથી અમો તેને ખુદાના કલામ તરીકે માનીએ, જ્યારે કે કુરાન પોતે સંપૂર્ણપણે મોઅજીઝો જ છે, પણ તેને જોવા માટે એવી જ્ઞાનસભર આંખો જોઈએ કે જેથી કોઇ જોઇ શકે કે કુરાન અને ઈમામ કેવી રીતે મોઅજીઝાઓ છે.

૧૭. આ પ્રમાણેની સ્થિતિ હોવા છતાં પણ ખાસ લોકો બરહક ઈમામને હંમેશા મઝહરૂલ અજાયબ એટલે કે અજાયબીઓનો જાહેર કરનાર પામે છે, એટલે કે તેઓ અંતરની આંખો વડે ઉચ્ચ મરતબો ધરાવનાર એ ઈમામની અજાયબીઓનો અનુભવ કરતા રહે છે. આ અજાયબીઓ વિચારો અને કલ્પનાઓથી આગળ વધીને હકીકી રૂહાનીયત તથા કુરાનની

તાવીલોના દરજ્જાઓ સુધી ફેલાયેલી હોય છે, જેને અક્કલના રૂહાની અને નૂરાની મોઅજીઝાઓ કહે છે.

૧૮. કોઈ ન્યાયી સ્વભાવનો વિદ્વાન જરા તક્લીફ ઉપાડે અને જુએ તો ખરો કે ઈસમાઈલી બુઝુર્ગોના તાવીલવાળા પુસ્તકોમાં કુરાનની કેવી રીતે આલીશાન હિકમતો વર્ણવવામાં આવી છે. આ મહાન હિકમતો મેળવી શકવા માટેનું સાધન શું છે ? બરહક ઈમામના પવિત્ર નૂરની મદદ. અને જેમની પાસે સરખામણીમાં વધારે હિકમત છે તેમની જ પાસે વધારે ભલાઈ છે અને કુરાન તથા ઈમામની મૌજૂદગીનો ઉચ્ચ હેતુ પણ એ જ છે.

૧૯. કુરાનના ઈશારાઓ મુજબ ખુદા તઆલાના પવિત્ર નૂરનો એક મોટો ચમત્કાર એ છે કે તેને કોઈ બુઝાવી નથી શક્તો, જો કે જાહેરમાં હઝરત ઈમામ હુસેન (અ.સ.)ને કરબલાના મેદાનમાં શહીદ કરવામાં આવ્યા એ ખુદાના પવિત્ર નૂરને બુઝાવવાનો એક નાકામ પ્રયત્ન હતો, પરંતુ ખુદાઈ ગણત્રી (વ્યાજબીપણા) મુજબ નૂરને હંમેશના માટે જીવંત અને હૈયાત રહેવાનું હતું કે જે આજ સુધી હયાત અને હાજર છે અને ખુદાના હુકમથી કયામત સુધી જીવંત રહેશે.

૨૦. કુરાન અને ઈમામની ઈલ્મી તથા નૂરાની હેસિયત ખુદાની રસ્સી છે અને તેને મજબૂતીથી પકડી લેવું એમ છે

Institute for Spiritual Wisdom and Luminous Science

કે કુરાન તથા ઈમામના હુકમ અને ફરમાન ઉપર અમલ કરવામાં આવે, એટલે કે ઈમામની જ કેળવણી તથા હિદાયત પ્રમાણે કુરાન ઉપર અમલ કરવામાં આવે, કારણ કે તે જ કુરાનના જ્ઞાન વિષે સપૂર્ણપણે જાણનાર છે.

૨૧. એ વાત વિચારવા જેવી છે કે ખુદાના નૂરની ઉપમા સૂર્ય જેવો પ્રકાશના મહાન ઉદ્‌ભવ સ્થાનની સાથે શા માટે નથી આપી અને ઘરના દીવા સાથે આપી છે. આ એટલા માટે કે સૂર્યને પ્રત્યેક માણસ પોતાની આંખ્યું વડે (આંખોને તકલીફ આપીને) જોઈને તે ઉપર વિચાર નથી કરી શક્તો, પરંતુ દીવા ઉપર દરેક જણ વિચાર કરી શકે છે-ધ્યાન મગ્ન થઈ શકે છે કે કેવી રીતે દીવાની જ્યોત જાહેરમાં એક જ સ્થિતિ ઉપર રહે છે, જો કે અસલમાં તેની અંદર પ્રત્યેક ક્ષણે તાજગી-નવીનતા આવતી રહે છે, એટલે કે તેલના મારફત દીવાના નૂરનું ઉદ્‌ભવ સ્થાન હંમેશા ચાલતું રહે છે-કાયમ રહે છે અને પ્રકાશ ફુવારાની જેમ વિખરતો રહે છે. આનો અર્થ એમ છે કે જે જ્ઞાન અને હિકમત તથા નિખાલસતા-નેકી અને હિદાયતને નૂર કહેવામાં આવ્યું છે તે પોતાના નૂરાની હલન ચલનમાં આગળ વધતું રહે છે. તેમાં વિજળી જેવી ગતિ છે. તેની પરંપરા કોઈ ઝરણા જેમ ચાલતી હોય છે જે ક્યારેય રોકાતી નથી. તે એક એવી વાતચીતના જેવું છે કે જે અનંતપણે ચાલતી જ રહે. તે નૂરની એક એવી વર્ષા છે જે ક્યારેય રોકાઈ જવાવાળી નથી. તે એક જીવંત વસ્તુ છે અને જીંદગીમાં કાયમ હલન ચલન થતી હોય છે, એટલે કે હિદાયતનું નૂર પ્રત્યેક

સેકંડે-પ્રત્યેક ક્ષણે તાજું અને નવીન પ્રકાશ ફેલાવતું રહે છે, જેની લાગણી હકીકી મોમીનોને ન ફક્ત જાહેરમાં થાય છે પરંતુ હૃદય અને મગજમાં પણ તેની લહેરો દોડતી રહે છે.

૨૨. દીન અને મઝહબના જેટલા પણ વાક્યો તથા કાર્યો અથવા જે વાતો તથા રસમો આજે આપણી વચ્ચે મૌજૂદ છે તે રસુલુલ્લાહ (સ.અ.સ.)ના વખતમાં બે રીતે પ્રપ્ત થતી હતી. કંઇક તો કાર્યોની હદમાં જાહેર રીતે અને કંઇક શક્તિની હદમાં છુપાયેલી હતી; અને દીનમાં એવી અગણિત વસ્તુઓ છે કે જે હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ના પછી શક્તિની હદમાંથી કાર્યની હદમાં આવી ગઇ છે. જેમકે કુરાને મજીદનું લખેલા સ્વરૂપમાં તેના સ્વર (ઝેર-ઝબર-પેશ વિગેરે તથા અન્ય નિશાનીઓ સાથે હાલ મૌજૂદ હોવું, જેમકે તેના તરજુમા, તેની તફસીરો અને એવી કુરાન સંબધેની અન્ય જ્ઞાનની વાતો, હદીસનું લખાણના સ્વરૂપમાં હોવું, ધર્મશાસ્ત્રો અને તેના સિદ્ધાંતો, વળી ઈમામત, ખિલાફત તથા ઈસ્લામી સલ્તનત અને તેના સંબંધેના કાયદાઓની ઘણીબધી વાતો, તે ઉપરાંત તરીકત-વાળાઓ એટલે કે સુફીઓની માન્યતાઓ તથા તેમના દૃષ્ટિકોણ અને તેમાંના સુધારાઓ તથા ખુલાસાઓ અને એવાં બીજાં ઘણાં જ્ઞાન અને હુન્નર તથા તેના સશોધન કાર્યો કે જે આ વૈજ્ઞાનિક પરિવર્તન પછી મઝહબમાં અમલમાં કે વપરાશમાં રહેલાં છે જેમાં ટેલીફોન, તાર, લાઉડસ્પીકર, રેડીઓ, વર્તમાનપત્રો, ટેલીવીઝન, રેલગાડી, મોટર, હવાઇ જહાઝ વિગેરે આવે છે. તો આ દરેકને જોતાં એમ જણાય છે કે જે વાત અથવા જે વસ્તુ

Institute for Spiritual Wisdom and Luminous Science

એવી હોય કે તે ઇસ્લામના પયગમ્બર (સ.અ.સ.)ના પછી પેદા કરવામાં આવી છે અને તે દીનના હિસાબે ફાયદામંદ પણ છે, તો તે વસ્તુ ખુદા અને રસૂલ (સ.અ.સ.)ના તરફથી ક્યારેય પ્રતિબંધિત નથી હોઇ શક્તી, જ્યારે કે કુરાનની જાહેરી અને બાતિની હિદાયતમાં સઘળાં વ્યાજબી તથા યોગ્ય સાધનો મારફત ફાયદો ઉઠાવીને ઇસ્લામને મજબૂત બનાવવા માટે સમજાવવામાં આવેલ છે, જેમકે ખુદાનું ફરમાન છે કે :

"અને (મુસલમાનો) તે કાફરોના (સામના) માટે જ્યાં સુધી તમારાથી થઇ શકે કોઇ પણ શક્તિથી અને બાંધેલા ઘોડાઓથી (લડાઇ)નો સામાન પ્રાપ્ત કરો, આનાથી ખુદાના દુશ્મન અને પોતાના દુશ્મન અને તે સિવાય અન્ય લોકો ઉપર પણ પોતાની ધાક બેસાડી દેશો કે જેમને તમે જાણતા નથી પણ ખુદા તો તેમને જાણે છે; અને ખુદાના રસ્તામાં (ખુદા ખાતર) તમો જે કંઇ પણ ખરચ કરશો તે તમોને પૂરી રીતે પાછું આપી દેવામાં આવશે અને તમારા ઉપર કોઇ પણ પ્રકારનો જુલમ-અન્યાય નહિ કરવામાં આવે." (૮/૬૦)

આ ખુદાઇ હિદાયતથી એ હકીકત સ્પષ્ટ થઇ જાય છે કે દરેક સમયના મુસલમાન ઇસ્લામ દીનની મજબૂતી તથા પ્રગતિ અને રક્ષાને માટે પોતે જ વિચારે અને નક્કી કરી લ્યે કે સમયની શું જરૂરિયાત છે ? દુશ્મનની પાસે કઇ કઇ શક્તિઓ મૌજૂદ છે ? અને કઇ શક્તિના મારફત દુશ્મનનો સામનો કરી શકાય છે ? કેમકે અહીં ફક્ત ઘોડાઓની તૈયારીના ઉલ્લેખ સિવાય કોઇ અન્ય વસ્તુનું નામ નથી બતાવવામાં આવ્યું, પરંતુ

એ વાત મુસલમાનો ઉપર છોડી દેવામાં આવી છે કે તે પોતે અક્કલની, જ્ઞાનની, સંસ્કારની, રૂહાની, આર્થિક, રાજદ્વારી, હુન્નરની તથા આક્રમણ કરવાની શક્તિમાંથી જે વ્યાજબી સમજે તેનાથી દીનના દુશ્મનના સામના માટેની તૈયારી કરી રાખે, કે જેથી દુશ્મન ડરી જાય અને દબાઇ જાય. એનો અર્થ એ થયો કે અસલમાં ઈસ્લામની અંદર પ્રગતિ જ પ્રગતિ છે અને તે વિષે દીની તથા દુન્યવી પ્રકારે દરેક નેક અને ફાયદામંદ વાતો તથા અમલ આચરવાની આઝાદી આપવામાં આવી છે.

૨૩. કુરાન ઉપર અમલ કરવાના થકી ક્યા લોકો સારા હોઇ શકે છે ? તે જ લોકો કે જે એકંદર રીતે ભૂતકાળ, વર્તમાન તથા ભવિષ્ય કાળમાં કુરાનના જાહેર માર્ગદર્શન ઉપર પણ અમલ કરે અને બાતિન ઉપર પણ. કારણ કે કુરાન પોતાના જાહેરી ઈલ્મના થકી જન્નતનું એક બેનમૂન ફળ છે અને બાતિની હિકમતના થકી એક મનમોહક મગઝ (ફળના અદરનું ગર્ભ) છે; અને આ ઉપમામાં વધુ ફાયદો તે લોકોને છે કે જેઓ ફળ પણ ખાય અને તેના મગઝને પણ ખાય.

૨૪. દરેક માણસ સ્વાભાવિક પણે એ દાવો કરે છે કે હું જે રસ્તા ઉપર છું તે જ સીધો રસ્તો છે, પણ જ્યારે સામનો થાય ત્યારે એ જોવાનું હોય છે કે તક્વા એટલે કે પરહેઝગારી કોની અંદર વધુ છે અને કોનામાં ઓછી છે, કેમકે મઝહબ અને તેની સઘળી ઈબાદતો તથા અન્ય મામલાઓનું અસલ તક્વા જ છે; અને દીન તથા મઝહબનો દરજ્જો પણ એ જ છે.

૨૫. કુરાનમાં ફરમાવેલું છે કે ઈસ્લામ દીન દરેક પ્રકારે સંપૂર્ણ છે (૫/૩). વળી ફરમાવેલું છે કે ખુદાની જાહેરી ન્યામતો પણ અને બાતિની ન્યામતો પણ સંપૂર્ણ છે (૩૧/૨૦). પછી એ કેવી રીતે શક્ય છે કે ઈમામે ઝમાન કે જે કુરાનનો શીખવનાર અને સાચો હાદી છે તે મૌજૂદ અને હાજર ન હોય (જો કે એ શક્ય નથી પણ) સમજી લ્યો કે જો ઈમામ મૌજૂદ અને હાજર ન હોત તો દીન અપૂર્ણ–અધૂરો રહી જાત અને ખુદાની રૂહાની તથા જ્ઞાન વિષેની ન્યામતોમાં ઘણી હદ સુધી ઓછપ રહી જાત.

૨૬. હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની રહેલત પછી (આ ફાની જગત છોડી જવા પછી) સઘળા મુસલમાનો એ વાત ઉપર એકમત થઈ ગયા હતા કે પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના વારસદારનું હોવું ખૂબ જ જરૂરી છે. એ જુદી વાત છે કે આ કોણ હોય અને કોણ ન હોય. જો કે તે સમય એવો હતો કે ત્યારે પણ એટલી બધી ગૂંચવણ પેદા નહોતી થઈ જેટલી કે તે પછી ઉદ્દભવ પામી હતી. પછી પણ તેઓએ ખુદા અને રસૂલ (સ.અ.સ.)ની આજ્ઞા વડે અથવા પોતાની અક્કલના ફૈસલા વડે ખલીફા અથવા ઈમામના અસ્તિત્વને કબૂલ કરી લીધું તો પછી હાલ જ્યારે કે દીની અને દુન્યવી કોયડાઓથી ભરપૂર દુનિયા સામે છે ત્યારે એવા સમયમાં ઈમામ કેમ ન હોય ?

૨૭. શરીયત પોતાની જગ્યાએ સાચી છે, પરંતુ અમુક લોકો શરીયતની જ કસોટી ઉપર તરીક્ત, હકીક્ત અને મારફતની

વસ્તુઓને પણ પારખવા ઈચ્છે છે, જો કે એ વાત વ્યાજબી નથી, કેમકે શરીયતનો દરજ્જો ફક્ત શરીયતના જ માટે નક્કી થયેલ છે અને તેના પછીની મંઝિલોના દરજ્જાઓ અલગ અલગ છે. દાખલા તરીકે શરીયતમાં નમાઝની ઘણી બધી શરતો નક્કી કરેલી છે, જે ઝીક્ર ઈલાહી એટલે કે ખુદાના ઝીક્રમાં નથી, જેને દરેક હોશિયાર મોમીન જાણે છે.

૨૮. અમુક વખત ઈસમાઈલીઓથી એ સવાલ કરવામાં આવે છે કે તમો જ્યારે પણ ઈચ્છો ત્યારે મસ્જીદમાં આવી શકો છો અને તેમાં કોઈ તરફથી કોઈ બંધન નથી, પરંતુ ગેરઈસ્માઈલીઓને જમાતખાનામાં જવાની રજા નથી મળતી એનું શું કારણ ? એનો જવાબ ખૂબ સાદો અને સરળ છે કે ઈસ્લામમાં સૌથી પહેલાં મસ્જીદ છે જે શરીયતનું સ્થાન છે અને તે સઘળા મુસલમાનોના માટે છે. પછી ખાનકાહ (મઠ કે આશ્રમ) છે કે જે તબક્કો તરીક્તનો છે, તે સઘળાઓના માટે નથી, ફક્ત સુફીઓના માટે છે; અને તે પછી જમાતખાનું છે કે જે હકીક્તની મંઝિલ છે અને તે ફક્ત ઈસમાઈલીઓના જ માટે ખાસ છે. માટે જ્યાં સુધી કોઈ મુસલમાન કોઈ શેખ અને તરીક્તના પીરની મુરીદીના વર્તુળમાં દાખલ નથી થતો અને જ્યાં સુધી બૈયત નથી થતી તો તે તેમની ખાનકાહમાં જઈ નથી શક્તો. જો કે ખાનકાહવાળા અને તેની બહારવાળા બંને ટોળાઓ મુસલમાનો જ છે; અને જમાતખાનાનું પણ એ જ ઉદાહરણ છે. માટે જો આપણે મસ્જીદમાં જઈએ તો તે મુબારક સ્થાન ઉપર અસલમાં કોઈ વસ્તુ આપણા

અકીદા–આપણી માન્યતાથી બહાર નથી. તેથી વિરૂદ્ધ અગર જો તમો ખાનકહ અથવા જમાતખાનામાં જાઓ તો ત્યાંની શિસ્ત, ત્યાંના કાયદાઓ તમારા માટે અજાણ હશે; અને ન તો તમો ત્યાં ભરોસા તથા માન–મર્યાદાની શરતો મુજબ જવા ઇચ્છશો, માટે અગર જો તમો જમાતખાનામાં જાઓ તો એ હકીકી અર્થમાં વગર રજા અને વગર સવાબનું કામ હશે.

૨૯. ઉચ્ચ સ્થાનના માલિક ઇમામે ઝમાન કુરાનનું જીવંત નૂર અને બોલવાવાળું પુસ્તક છે એ માટે તે, લોકો ઉપર ખુદા તઆલાની હુજ્જત છે (સાબિતી છે) કે દુનિયામાં તેના મૌજૂદ અને હાજર હોવા પછી લોકોને ક્યામતના દિવસે ખુદા ઉપર કોઇ હુજ્જત નહિ હોય, એટલે કોઇ માણસ એ નહિ કહી શકશે કે દુનિયામાં મારા માટે કોઇ હાદી મૌજૂદ નહિ હતો.

૩૦. ઇસ્લામના પયગમ્બર (સ.અ.સ.) ઉપર જ્યાં ૨૩ વર્ષો સુધી કુરાન ઉતરતું રહ્યું, ત્યાં તેમાં કંઇક આયતોને મનસુખ એટલે કે રદ પણ કરાઇ છે અને તેમાંના હુકમો બીજે નાસુખ થયેલ છે, એટલે કે અમલમાં આવેલા આયતના હુકમથી બદલાઇ ગયા, અને એ જ અરસામાં હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની અમુક હદીસોમાં પણ વખત પ્રમાણે સુધારાઓ થયા અને જો હઝરત પયગમ્બર (સ.અ.સ.) શારીરિક રીતે આજે મૌજૂદ હોત તો ચોક્કસપણે આ ચૌદસો વર્ષમાં પણ એવા ઘણા સુધારાઓ થયા હોત; અને એ જ હકીકત દરેક સમયના ઇમામની તાજી હિદાયતમાં મૌજૂદ છે.

૩૧. કુરાનમાં ફરમાવેલું છે કે "અય ઈમાનવાળાઓ ખુદાની તાબેદારી કરો અને રસૂલની તાબેદારી કરો અને હુકમવાળાની તાબેદારી કરો કે જે તમારામાંથી છે." ખુદાના આ હુકમથી જણાયું કે રસુલની તાબેદારી ખુદાની તાબેદારીથી ઉપરાંત છે અને હુકમવાળાઓની તાબેદારી રસૂલની તાબેદારીથી ઉપરાંત છે, અને દરેક દરજ્જાની તાબેદારી અખત્યાર અને હિદાયતને કારણે છે. એટલે કે ખુદા અને તેના રસુલ (સ.અ.સ.) પછી ઈમામે ઝમાન અખત્યારના માલિક છે. એ માટે તે ન ફક્ત ખુદા અને રસૂલની હિદાયતને લોકો સુધી પહોંચાડતા રહે છે, બલ્કે સાથે સાથે જ પોતાના અખત્યાર વડે સમય અને સ્થળની જરૂરિયાત મુજબ વ્યક્તિગત હિદાયત પણ કરે છે.

૩૨. બીમારી શારીરિક પ્રકારની પણ હોય છે અને રૂહાની પ્રકારની પણ હોય છે, તે દુન્યવી પણ હોય છે અને દીની પણ; અને સઘળી દીની તથા રૂહાની બીમારીઓની એકમાત્ર દવા વખતના ઈમામનો પ્રેમ છે, કેમકે ફક્ત પ્રેમથી જ ઝમાનાના ઈમામની હકીકી તાબેદારી બિલ્કુલ સહેલી થઈ જાય છે અને નકાર કરવાની શક્તિ મોમીનના અસ્તિત્વમાથી એકદમ ખલાસ થઈ જાય છે.

૩૩. આજે ઈસ્લામમાં ફીરકા શા માટે છે ? આજે મુસ્લિમ કૌમ અન્યોથી વધીને શક્તિશાળી કેમ નથી થઈ શકતી ? આજે એક જ કુરાનની આટલી જુદી જુદી તફસીર શા માટે કરવામાં આવી છે ? આજે મુસ્લિમ બિરાદરીમાં ઓછામાં

ઓછું એ શા માટે નથી કે તે જરૂરત પડતાં એકમત તથા એક્સંપ થઇ જાય ? કે આ સમયે પયગમ્બર બરહક (સ.અ.સ.) હાજર હોત અથવા તો આપ નામદાર (સ.અ.સ.)ના સાચા વારસદારની સૌને ઓળખ હોત અને સૌ તેની તાબેદારી કરતા હોત.

૩૪. અલ્લાહ તઆલાએ પોતાની રસ્સીને એમ ક્યારેય નથી ફરમાવ્યું કે ઓ મારી રસ્સી તું લોકોને પોતાની પકડમાં લઇ લે, પરંતુ એ હુકમ લોકોને જ આપ્યો છે કે તમો બધા મળીને ખુદાની રસ્સીને મજબૂતીથી પકડી રાખો. આ ઉપરથી સ્પષ્ટ છે કે લોકો ઉપર એ દલીલ થઇ શકે છે કે તેમણે સાચા ઈમામ (અ.સ.)ને કેમ નહિ ઓળખ્યા અને ઈમામ ઉપર નહિ કે તેમણે એટલે કે સ્પષ્ટ ચમત્કારો-મોઅજીઝાઓ વડે પોતાની ઓળખાણ શા માટે ન કરાવી.

૩૫. હઝરત મૌલા અલી (અ.સ.)નું ફરમાન છે કે મારાથી પૂછો તે પહેલાં કે તમો મને ખોઇ નાખશો. આ ઉપરથી સાફ રીતે સ્પષ્ટ થઇ જાય છે કે લોકો આગળ જતાં ઈમામને ખોઇ દેનારા હતા; અને તે સાથે જ પૂછવાનો રસ્તો તેઓના માટે કપાઇ જનાર હતો. વળી આ ઉપરથી એ પણ જણાય છે કે લોકો પહેલાં તો ઈમામને માટે કબૂલાત કરે-તેને સ્વીકારે અને પછી પૂછે કે જેમ પૂછવું જોઇએ. જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "પૂછો ઝીકરવાળાઓને અગર જો તમો નથી જાણતા." (૧૬/૪૩)

૩૬. સુરહ ઈબ્રાહીમમાં ઈલ્મ અને હિકમત તથા પ્રમાણિકતા-નિખાલસતા અને હિદાયતના પવિત્ર વૃક્ષનો ઉલ્લેખ આવેલ છે. આ પવિત્ર વૃક્ષ પયગમ્બર (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.) છે, જેમના નૂરના લીધે મોમીનોને હમેશા જાહેરી અને બાતિની હિદાયતનું ફળ મળતું રહે છે અને ઈસ્લામમાં સદાબહાર વૃક્ષ હઝરત રસૂલ (સ.અ.સ.)ના પછી ઈમામે ઝમાન છે.

૩૭. કુરાનમાં છે કે "અને સારાં નામો ખુદાતઆલાના છે અને ખુદાને એ જ નામો વડે યાદ કરો." (૭/૧૮૦) હઝરત ઈમામ જાફર સાદિક (અ.સ.)ના ફરમાન મુજબ ખુદાનાં સારાં નામો એટલે કે માનવંતા નામો ઈમામો (અ.સ.) જ છે, અને વખતનો ઈમામ અલ્લાહતઆલાનું જીવત ઈસ્મે આઝમ છે, જેનો સહારો લઈને ખુદાને યાદ કરવો એ ઊંચામાં ઊંચી ઈબાદત છે.

૩૮. ઘણા ઉસ્તાદ લોકો જ્યાં કોઈ વર્તમાન હકીકત નથી બતાવી શક્તા, ત્યાં પોતાના દીનના માનનારાઓને વીતી ગયેલ વખતના કિસ્સા-કહાણીઓમાં પરોવી રાખે છે કે જેથી તેમની કલ્પનાઓના અંધકારમાં તે દરેક બાબત મહાન તથા ભય પમાડનારી લાગે છે અને સવાલ કરવાની અને સંશોધન વિષેની પરંપરા જ બંધ થઈ જાય.

૩૯. હઝરત આદમ (અ.સ.)ના વખતથી લઈને ક્યામત

સુધી દીન માટેની જે આજ્ઞાઓ છે તે બે પ્રકારની છે, એક પ્રકાર એ છે કે જેમાં કોઈ સુધારો કે ફેરફાર નથી થઈ શક્તો; અને બીજો પ્રકાર એ છે કે જેમાં યોગ્ય સમયે ફેરફાર થઈ શકે છે કે જેથી સમય અને સંજોગ તથા સ્થળની જરૂરિયાત મુજબ અનુરૂપતા લાવી શકાય.

૪૦. દીનનો પ્રારંભ અને અંત ખુદાની એક્તા છે, એટલે ઈસ્લામમાં સૌથી પ્રથમ ખુદાના એક હોવા બાબતનો સ્વીકાર તથા તેને માનવું છે; અને છેવટે સઘળા દીની સંવાદો–વાતચીતો અને આમાલના પરિણામે એ જાણવું જોઈએ કે ખુદાએ બરહકની એક્તા અને સંયોગની મારફત શું છે.

આપણી એક્તા (એક ખુદામાં માનવું) એ જ છે કે જેનો ઉલ્લેખ કુરાન અને હદીસમાં મૌજૂદ છે, જેનું વર્ણન હઝરત મૌલાના ઈમામ મુર્તઝા અલી (અ.સ.)એ પોતાના મહાન પુસ્તક નહજુલ બલાગામાં ફરમાવ્યું છે. એ જ એક્તાની સાચી ઓળખના માટે આપણા પવિત્ર ઈમામોએ તાકીદ ફરમાવી છે. આપણા દીનના બુઝુર્ગોએ ફિલસુફી, હિકમત અને તાવીલની ભાષામાં એ જ એક્તાનો ખુલાસો કર્યો છે, જેમકે સૈયદના હમીદુદ્દીન કીરમાનીના પ્રખ્યાત પુસ્તક રાહતુલ અકલ તથા પીર નાસર ખુશરૂની કેળવણીમાંથી જાહેર થયેલ છે.

★